dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-105 | AD-2026, Maha Sud - 03 | Wednesday, Dt.21-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નીતિન નબીનના નામની જાહેરાત

# ભારતીય જનતા પાર્ટીમાં નીતિન નબીન યુગની શરૂઆત

ન્યુ દિલ્હી,તા.૨૦

ભારતીય જનતા પાર્ટીમાં નીતિન નબીન યુગની શરુઆત થઈ છે. નીતિન નબીન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ભાજપ હેડક્વાર્ટર ખાતે તેમના નામની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપ હેડક્વાર્ટર ખાતે પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા. PM નરેન્દ્ર મોદી ભાજપ હેટક્વાર્ટર સંબોધન કરતા કહ્યું- ભાજપે શુન્યથી લઈને શીખર સુધીની યાત્રા જોઈ છે. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે ભાજપનાએક સંસ્કાર છે, એક પરિવાર છે અને સભ્યપદ કરતાં સંબંધો વધુ મહત્વપૂર્ણ છે. ભાજપ એક પરંપરા છે જે પદથી નહીં, પરંતુ પ્રક્રિયાથી ચાલે છે. આપણી પાસે એક કાર્ય વ્યવસ્થા છે, જીવનભરની જવાબદારી. અહીં અધ્યક્ષ બદલાય છે, પણ આદર્શ બદલાતા નથી. નેતૃત્વ બદલાય છે, પણ દિશા બદલાતી નથી.

મોદીએ કહ્યું, ‘‘ભાજપ એક એવી પાર્ટી છે જ્યાં લોકો વિચારી શકે છે કે મોદીજી આટલી નાની ઉંમરે મુખ્યમંત્રી કેમ બન્યા? તેઓ સરકારના વડા બન્યા. સૌથી ઉપર, હું ભાજપનો કાર્યકર છું.’’ પણ હું માનું છું કે નીતિન જી મારા બોસ છે, હું એક કાર્યકર છું. મોદીએ સંબોધન કરતા ગુજરાતના ધંધુકાને યાદ કર્યું હતું. તેમણે કહ્યું કે દીકરીને બંદૂકે આપો પણ ધંધૂકે ન આપો, ‘નલ સે જલ’ યોજનાથી આ કહેવત ભૂતકાળ બનાવી દીધી. પીએમ મોદીએ કહ્યું કે ભાજપ એક એવી પાર્ટી છે જ્યાં લોકોને લાગશે કે નરેન્દ્ર મોદી દેશના



વડાપ્રધાન છે, ત્રીજી વખત પીએમ બન્યા છે, ૫૦ વર્ષની નાની ઉંમરે મુખ્યમંત્રી બન્યા છે. તેઓ ૨૫ વર્ષથી સરકારના વડા છે. તે બધું તેની જગ્યાએ છે, પરંતુ મારા માટે સૌથી મહત્વની વાત એ છે કે હું ભાજપનો કાર્યકર છું. તેમણે કહ્યું કે જ્યારે પાર્ટીની બાબતોની વાત આવે છે, માનનીય નીતિન નબીનજી, હું એક કાર્યકર છું, અને તેઓ મારા બોસ છે.આજે સવારે નવી દિલ્હીમાં ભગવાન વાલ્મીકિ મંદિર, ગુરુદ્વારા બંગલા સાહિબ અને ઝંડેવાલન મંદિર ગયા અને માથું ટેકવ્યું. ૪૫ વર્ષના નબીન પાર્ટીના સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ બની ગયા છે. તેમના પહેલા અમિત શાહ ૪૯ વર્ષની ઉંમરે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. ભાજપના નબીને પાર્ટીના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષનો કાર્યભાર સંભાળ્યો. નવા ચૂંટાયેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને ભારત માતા કી જય સાથે પોતાના સંબોધનની શરૂઆત કરી તેમણે કહ્યું, ‘‘અમે પક્ષના કાર્યકરો તરીકે પીએમ મોદીને રાષ્ટ્રની સેવા કરતા જોયા છે. તમને જોઈને અમને શીખવા મળ્યું છે કે જે લોકો લોકોની લાગણીઓ સાથે જોડાઈ શકે છે તે જ મહાન બને છે.’’મોદીએ કહ્યું, ‘‘આજનો દિવસ આપણા બધા માટે ખૂબ જ ખાસ ક્ષણ છે. આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ આપણા માર્ગદર્શક રહેશે; તેમનો દરેક શબ્દ આગળ જતાં આપણી દિશા બનશે. તેમનું માર્ગદર્શન આપણી સંપત્તિ હશે.’’ હું એક કાર્યકર તરીકે મારા કામનો હિસાબ પણ આપી રહ્યો હતો અને હવે તેઓ મારો CR લખશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે જ્યારે અમે સત્તામાં ન હતા, ત્યારે પણ અમે ક્યારેય અમારા મૂળ આદર્શોથી ભટકી ગયા નહીં. અમે મક્કમ રહ્યા અને પહેલા રાષ્ટ્રની ભાવના સાથે લડ્યા. અમે પ્રતિકૂળતાઓનો સામનો કર્યો, અમારા ઉત્સાહને વધારતા ગયા, અને જીતતા રહ્યા. આપણી સંસ્કૃતિ એવી છે કે અમારા કરતા મોટો પક્ષ છે, અને પક્ષ કરતા મોટો દેશ છે. આ દરેક ભાજપ કાર્યકરના સંસ્કાર છે, અને તે દરેક ભાજપ કાર્યકરનો જીવનમંત્ર છે.

# તામિલનાડુમાં રાષ્ટ્રગીતનું સન્માન ન થતા રાજ્યપાલનું વિધાનસભામાંથી વોકઆઉટ

ચેન્નાઈ,તા.૨૦

તમિલનાડુ સરકાર અને રાજ્યપાલ આર.એન. રવિ વચ્ચેનો વિવાદ ફરી એક વાર સામે આવ્યો છે. રાજ્યપાલ આર.એન. રવિએ સતત ત્રીજા વર્ષે વિધાનસભામાં પોતાનું પરંપરાગત સંબોધન આપ્યા વિના વૉકઆઉટ કર્યું હતું. તેમની માગ હતી કે પરંપરાગત રાજ્ય ગીત (તમિલ થાઈ વાઝથુ) બાદ તરત જ રાષ્ટ્રગીત વગાડવામાં આવે, પરંતુ સ્પીકર એમ. અપ્પાવુએ આ માગને નકારી કાઢી હતી. રાજ્યપાલના મતે આ બંધારણીય



ફરજનું ઉલ્લંઘન છે. પરિણામે આર.એન. રવિએ ગૃહને સંબોધિત કર્યા વિના જ કાર્યવાહીનો બહિષ્કાર કર્યો. રાજ્યપાલે સતત ત્રીજા વર્ષે ગૃહનો બહિષ્કાર કર્યો છે. આ પહેલા તેમણે ૨૦૨૪ અને ૨૦૨૫માં પણ ભાષણ નહોતું આપ્યું. તમિલનાડુ લોકભવને પ્રેસ રિલીઝ જારી કરીને આ સમગ્ર મામલે જાણકારી આપી છે.તમિલનાડુ વિધાનસભામાં રાજ્યપાલ આર.એન. રવિએ કહ્યું કે, ‘મને ખૂબ જ દુ:ખ છે કે, રાષ્ટ્રગીતને સન્માન આપવામાં નથી આવી રહ્યું. ભાષણમાં વિક્ષેપ પડ્યો તે દુર્ભાગ્યપૂર્ણ છે. હું મારી જવાબદારીઓથી સારી રીતે વાકેફ છું. પરંતુ રાષ્ટ્રગીતને યોગ્ય સન્માન મળવું જોઈએ. રાજ્યપાલના વોકઆઉટ પછી વિપક્ષી AIADMKના નેતાઓ પણ વિધાનસભામાંથી બહાર નીકળી ગયા અને રાજ્ય સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.જ્યારે તમિલનાડુના મુખ્યમંત્રીએ તેને વિધાનસભાનું અપમાન ગણાવ્યું છે. તમિલનાડુના CM એમકે સ્ટાલિને કહ્યું કે આ પગલું ગૃહનું અપમાન કરે છે અને એસેમ્બલીના પ્રોટોકોલ વિરુદ્ધ છે. તેમણે કહ્યું કે હું સીએન અન્નાદુરાઈની વાત યાદ અપાવવા માંગીશ જેમણે ૫ હેલા કહ્યું હતું, "બકરાને દાઢીની શું જરૂર છે, અને રાજ્યને ગવર્નરની શું જરૂર છે."

# મુંબઈના મેયરપદને લઈ શિંદેની ‘બાળ’ હઠ : શિવસૈનિક જ મેયર બને

મુંબઈ,તા.૨૦

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ સોમવારે બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) મેયર પદ પર શિવસેનાની દાવેદારીના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે ૨૩ જાન્યુઆરીથી શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેના જન્મશતાબ્દી વર્ષની શરૂઆત થઈ રહી છે. શિવસૈનિકોની ઈચ્છા છે કે આ પ્રસંગે BMCમાં શિવસેનાનો મેયર હોવો જોઈએ. જોકે, શિંદેએ એ પણ સ્પષ્ટ કર્યું



કે શિવસેના એવો કોઈ નિર્ણય નહીં લે જે જનાદેશની વિરુદ્ધ હોય. તેમણે યાદ અપાવ્યું કે BMC ચૂંટણી શિવસેના અને ભાજપે ગઠબંધનમાં લડી હતી. જે નગર નિગમોમાં શિવસેના અને ભાજપે સાથે મળીને ચૂંટણી લડી છે, ત્યાં મહાયુતિનો જ મેયર બનશે.મહારાષ્ટ્રમાં BMC સહિત ૨૯ નગર નિગમોમાં ૧૫ જાન્યુઆરીએ ચૂંટણી થઈ હતી અને ૧૬ જાન્યુઆરીએ

**બાળ ઠાકરેના જન્મશતાબ્દી વર્ષની શરૂઆત થતી હોવાથી શિંદેએ દાણો દબાવ્યો**

પરિણામ આવ્યું હતું. BMCની ૨૨૭ બેઠકોમાંથી ભાજપને ૮૯ અને શિંદે જૂથને ૨૯ બેઠકો મળી હતી. મેયર માટે બહુમતીનો આંકડો ૧૧૪ છે. આ માટે ભાજપને શિંદે જૂથના ૨૫ કોર્પોરેટરોના સમર્થનની જરૂર પડશે.

### ભારતીય જવાનોએ જમ્મુ-કાશ્મીરના બરફાચ્છાદિત પહાડોમાં

# ૧૨૦૦૦ ફુટની ઉંચાઈએ બનાવેલુ જૈશના આતંકીઓનુ બંકર ફૂંકી માર્યુ

શ્રીનગર,તા.૨૦

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડના દુર્ગમ અને બરફાચ્છાદિત પહાડોમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના આતંકીઓના એક અત્યંત મજબૂત અને ગુપ્ત ‘કારગિલ-સ્ટાઈલ’ ફોર્ટિફાઈડ બંકરને શોધી કાઢીને ધ્વસ્ત કરી દીધું છે. સમુદ્ર સપાટીથી ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ બનેલા



આ ઠેકાણામાં જૈશનો પાકિસ્તાની કમાન્ડર સૈફુલ્લાહ અને તેનો સાથી આદિલ મહિનાઓથી છુપાયેલા હતા.જ્યારે સુરક્ષા દળોએ આ ગુપ્ત બંકરની અંદર પ્રવેશ કર્યો, ત્યારે ત્યાંની સુવિધાઓ અને લોજિસ્ટિક્સ જોઈને તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. આતંકીઓએ અહીં લાંબો સમય સુધી બહારની દુનિયાથી સંપર્ક કાપીને પણ જીવિત રહી શકાય તેવી તમામ તૈયારીઓ કરી રાખી હતી. તપાસ દરમિયાન બંકરમાંથી ૫૦ મેગીના પેકેટ, ૨૦ કિલો ઉચ્ચ ગુણવત્તાવાળા બાસમતી ચોખા, ટામેટા-બટાકા જેવી તાજી શાકભાજી અને ૧૫ જેટલા વિવિધ મસાલા મળી આવ્યા હતા, જે તેમની લાંબા ગાળાની યોજનાનો પુરાવો આપે છે. રસોઈ માટે ગેસ સિલિન્ડર અને સૂકા લાકડાનો મોટો જથ્થો પણ ત્યાં હાજર હતો. મોટા પથ્થરોની અત્યંત મજબૂત દીવાલોથી બનેલું આ ‘મિની-કિલ્લા’ જેવું બંકર એવી રીતે તૈયાર કરવામાં આવ્યું હતું કે તેમાં પ્રવેશવા અને બહાર નીકળવા માટે અનેક ગુપ્ત રસ્તાઓ હતા, જેના કારણે તે સુરક્ષા દળો માટે એક મોટો પડકાર બની ગયું હતું.રવિવારે બપોરે જ્યારે સુરક્ષા દળોએ આ ઠેકાણાને ઘેરી લીધું, ત્યારે આતંકીઓએ અચાનક ગ્રેનેડ ફેંકીને હુમલો કર્યો હતો. આ અથડામણમાં સાત જવાન ઘાયલ થયા હતા, જેમાંથી હવાલદાર ગજેન્દ્ર સિંહે ગંભીર ઈજાઓને કારણે દમ તોડ્યો હતો અને શહીદ થયા હતા. આ હુમલા બાદ અંધારાનો લાભ લઈને સૈફુલ્લાહ અને આદિલ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.આટલી ઊંચાઈ અને દુર્ગમ વિસ્તારમાં આટલા મોટા પાયે રાશન અને ઈંધણ પહોંચાડવું સ્થાનિક મદદ વગર અશક્ય છે.

તપાસ એજન્સીઓને આશંકા છે કે આતંકીઓને સ્થાનિક લોકો તરફથી લોજિસ્ટિક સપોર્ટ મળી રહ્યો હતો. હાલમાં ચાર શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પૂછપરછ ચાલી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની કમાન્ડર સૈફુલ્લાહ છેલ્લા એક વર્ષથી આ વિસ્તારમાં સક્રિય હતો.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૨૧-૦૧-૨૦૨૬

# ખાંભાના નાનીધારી ગામે રહેણાક મકાનમાં દીપડો ઘૂસ્યો: વન વિભાગનું રેસક્યુ

અમરેલી તા ૨૦

ખાંભા ગીરના નાનીધારી ગામે મોડી રાત્રે દીપડો રહેણાક મકાનમાં ઘૂસી આવતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ગામના પ્રતાપભાઈ માંજરિયાના ઘરમાં દીપડો ઘૂસી જતાં અફડાતફડી મચી હતી, પરંતુ પરિવારે સમયસૂચકતા વાપરી ઘરનો દરવાજો



બહારથી બંધ કરી દેતા મોટી જાનહાનિ ટળી હતી.

ઘટનાની જાણ થતાં જ આર.એફ.ઓ. નિપુલ લકુમ સહિતનો વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. વન વિભાગ દ્વારા અંદાજે દોઢ કલાક સુધી મેગા ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. અંતે દીપડાને ઘરની અંદર જ ટ્રેક્યુલાઈઝ (બેભાન) કરીને પાંજરે પૂરવામાં આવ્યો હતો. દીપડો પકડાઈ જતાં સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# કુંકાવાવ-દેરડી રોડ પર કુવામાં પડેલી સ્ત્રીનો મૃતદેહ બહાર કાઢતી અમરેલી ફાયર ટીમ

અમરેલી,તા.૨૦

મંગળવારે બપોરે ૧૪:૦૦ કલાકે અમરેલી ફાયર કંટ્રોલરૂમને જાણ કરવામાં આવી હતી કે કૂવામાં એક સ્ત્રી પડી ગઈ છે. ઘટનાની જાણ થતા જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. કુકાવાવથી



દેરડી રોડ પર આવેલ રમેશભાઈ ભગવાનભાઈ વેકરીયાની વાડીના કુવામાં ફાયર જવાનોએ પોતાના જીવના જોખમે ૮૦ ફૂટ ઊંડા કૂવામાં ઉતરી ભારે જહેમત બાદ ૨૪ વર્ષીય સોના વસુનીયા (મૂળ રહે. મધ્યપ્રદેશ) નામના મૃતદેહને બહાર કાઢ્યો હતો. આ રેસ્ક્યુ કામગીરીમાં કૃષ્ણભાઈ ઓળકિયા, ઋત્વિકભાઈ ભીમાણી, સવજીભાઈ ડાભી, કમલેશભાઈ ગિલાધર અને ધવલભાઈ ચાવડાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્થાનિક પોલીસને સોંપી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# બગસરાના જુની હળીયાદ ગામે દબાણ બાબતે આત્મવિલોપનની ચિમકી

બગસરા,તા.૨૦

બગસરા તાલુકાના જૂની હળિયાદ ગામમાં છેલ્લા ઘણા વર્ષોથી અંદાજે ૧૨૭ જેટલા દબાણો હોવાનો મુદ્દો ફરી ગરમાયો છે. જિલ્લા પંચાયત અમરેલીના સદસ્ય અને વિરોધ પક્ષના નેતા ચંદુભાઈ વાગડિયા દ્વારા છેલ્લા બે વર્ષથી દબાણ કરનાર તમામ ૧૨૭ વ્યક્તિઓના નામ સાથે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને વારંવાર અરજીઓ આપવામાં આવી છે. ઉપલી કચેરીઓ દ્વારા તપાસની સૂચના હોવા છતાં ગ્રામ પંચાયત દ્વારા ત્રણ વર્ષમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે પંચાયતના સરપંચ સહિતના ચૂંટાયેલા સભ્યો સામે પણ કોઈ પગલાં લેવાયા નથી. ચંદુભાઈ વાગડિયાએ ૨ ફેબ્રુઆરીએ ગ્રામ, તાલુકા અથવા જિલ્લા પંચાયતની કચેરી સામે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી છે. તેમના જણાવ્યા મુજબ દબાણો માત્ર રસ્તા પૂરતા નથી, ગૌચર અને કોમન પ્લોટ પરના દબાણો પણ યથાવત છે. અગાઉ ખાતરી છતાં કાર્યવાહી ન થતાં તંત્રની મિલીભગત હોવાની શંકા વ્યક્ત થઈ છે. હવે તંત્ર કાર્યવાહી કરે છે કે સ્થિતિ વધુ ગંભીર બને છે તે જોવાનું રહેશે.

# અમરેલીમાં સાંસદના અધ્યક્ષસ્થાને 'દિશા' બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અમરેલી સાંસદ ભરતભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ કો-ઓર્ડિનેશન અને મોનિટરિંગ કમિટી (DISHA)ની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કેન્દ્ર સરકાર સંચાલિત વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, અભિયાનો અને વિકાસ કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. સાંસદે જિલ્લામાં સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે થયેલી કામગીરીને સરાહનીય ગણાવી, વધુ અસરકારક અમલીકરણ માટે સૂચનાઓ આપી હતી. સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડની કામગીરી ઝડપી કરવા, રેલવે, વીજળી, આધાર અપડેટ કીટ, બીએસએનએલ નેટવર્ક તથા ગ્રામ પંચાયતોમાં ભારતનેટ




સુવિધા સુચારુ બનાવવા મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના, મનરેગા, સ્વચ્છ ભારત મિશન, બેટી બચાવો બેટી પઢાવો, નેશનલ હેલ્થ મિશન, સમગ્ર શિક્ષા સહિતની યોજનાઓની સિદ્ધિઓની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં વિકસિત ભારત@૨૦૪૭ અંતર્ગત જી-રામ-જી (સુધારેલ મનરેગા) યોજનાને સર્વાનુમતે આવકારવામાં આવી. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ.

**રેલવે, વીજળી, બીએસએનએલ નેટવર્ક બાબતે ચર્ચા કરવામાં આવી**

# અમરેલી જિલ્લામાં વ્હાલી દિકરી યોજનાનો લાભ લેવા અનુરોધ કરાયો

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં ખાસ ઝૂંબેશ હેઠળ 'વ્હાલી દીકરી' યોજનાનો લાભ લેવા માટે અરજદારોએ સંબંધિત મામલતદારની કચેરી, ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ વી.સી.ઈ પાસેથી અરજીફોર્મ મેળવવાના રહેશે. ઉપરાંત અરજદારો વેબસાઈટ http://emahilakalyan.guj.gov.in/ પરથી પણ અરજીફોર્મ મેળવી શકે છે. ગુજરાતમાં દીકરીઓના કલ્યાણ માટે સરકાર પ્રતિબદ્ધ છે. દીકરી જન્મને પ્રોત્સાહન મળે, સ્ત્રીભૃણ હત્યા અટકે, સ્ત્રી શિક્ષણમાં વધારો થાય તેમજ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન મજબૂત બને તે માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯માં "વ્હાલી દીકરી યોજના" અમલી બનાવવામાં આવી છે. આ યોજના અન્વયે લાભાર્થી દીકરીને કુલ રૂ. ૧,૧૦,૦૦૦ની સહાય ત્રણ હપ્તામાં મળવાપાત્ર છે. અરજીકર્તા અરજદારે લાભાર્થી દીકરીનું જન્મ પ્રમાણપત્ર, આધારકાર્ડ, માતા-પિતાનું લગ્ન નોંધણી પ્રમાણપત્ર અને બંનેના આધારકાર્ડ, રેશનકાર્ડ જેમાં લાભાર્થી દીકરીનું પણ નામ હોય તે, નિયત નમુનાનું સ્વ ઘોષણાપત્ર, માતા-પિતા કે વાલીનું આવક પ્રમાણપત્ર, નિયત એકરારનામું, લાભાર્થી દીકરી કે માતા-પિતાના બેંક ખાતાની પાસબુક નકલ સહિતના આધાર પુરાવા અરજી સાથે રજૂ કરવાના રહે છે. વધુ માહિતી માટે અમરેલી જિલ્લા મહિલા અને બાળવિકાસ અધિકારીની કચેરી સંપર્ક નં. ૦૨૭૯૨ ૨૨૬૧૭૭ પર સંપર્ક કરવાનો રહેશે.

# સા.કુંડલાના વિવિધ ગામોમાં રૂ. ૭.૨૬ કરોડના જુદા જુદા વિકાસ કાર્યોનો ધારાસભ્ય મહેશ કસવાલા હસ્તે પ્રારંભ

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા તાલુકાના વિવિધ ગામોમાં અંદાજે રૂ. ૭.૨૬ કરોડના ખર્ચે થનારા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે આજે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ઘોબા ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવી ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત, રૂ. ૨.૦૦ કરોડના ખર્ચે નુરાપીર આશ્રમ



સી.સી. રોડ તેમજ રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત, રૂ. ૨.૪૦ કરોડના ખર્ચે ઘોબા–ઠાસા રોડના રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત, રૂ. ૯૦ લાખના ખર્ચે સુવિધા પથ રોડનું ખાતમુહૂર્ત, ફિફાદ ગામે રૂ. ૮૦ લાખના ખર્ચે મેકડા–ફિફાદ રોડના રી-સર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત, પાટી ગામે રૂ. ૧૧ લાખના ખર્ચે સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત, મોટા ભમોદ્રા ગામે રૂ. ૮૦ લાખના ખર્ચે સુવિધા પથ રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા પંચાયત સદસ્યો, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, સહકારી આગેવાનો, ગ્રામ પંચાયતના સરપંચો તેમજ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.







**ચોરી અને અસામાજિક તત્વોની ભીતિ વચ્ચે તંત્રની બેદરકારી**

# કુંકાવાવના નાજાપુર ગામે ૬ મહિનાથી CCTV કેમેરા બંધ હાલતમાં

કુંકાવાવ, તા.૨૦

કુંકાવાવ તાલુકાના નાજાપુર ગામમાં જાહેર સુરક્ષા માટે લગાવવામાં આવેલા CCTV કેમેરા છેલ્લા લગભગ છ મહિનાથી બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું છે.

ગ્રામ પંચાયત દ્વારા ગામના મુખ્ય માર્ગો તથા મહત્વના સ્થળોએ સુરક્ષાના હેતુથી લગાવવામાં આવેલા કેમેરા લાંબા સમયથી કાર્યરત ન હોવાથી ગ્રામજનોમાં



અસુરક્ષાની ભાવના વ્યાપી ગઈ છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, રાત્રિના સમયે ચોરી, અસામાજિક તત્વોની અવરજવર તથા અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે CCTV કેમેરા અત્યંત અનિવાર્ય છે, પરંતુ જવાબદાર તંત્રની બેદરકારીના કારણે આજદિન સુધી તેની મરામત કે સુધારાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં ગ્રામ પંચાયત અથવા સંબંધિત અધિકારીઓ દ્વારા કોઈ અસરકારક પગલું લેવામાં આવ્યું નથી, જેને કારણે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ગામના આગેવાનો અને નાગરિકોએ માંગ કરી છે કે તાત્કાલિક અસરથી CCTV કેમેરા પુનઃ ચાલુ કરી ગામની સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવે.

**વારંવારની રજૂઆતો છતાં મરામત ન થતાં તાત્કાલિક પગલાં લેવા માંગ**


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં, મુ.રાજુલા

જન્મ/મરણ અરજી નંબર/ ૩૨૩/૨૦૨૪

અરજદાર શ્રી :- શ્રી કાળીબેન W/O રમેશભાઈ રામજીભાઈ ગુજરીયા
સરનામું :- રહે.રાજુલા, તા.રાજુલા જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
નગર પાલીકા કચેરી, રાજુલા, તા.રાજુલા, જિ.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી કાળીબેન W/O રમેશભાઈ રામજીભાઈ ગુજરીયાએ તેમના સંતાનો નામે માનસંગભાઈ જન્મ તા.૨૫/૦૫/૨૦૦૭ તથા મનીષભાઈ જન્મ તા.૦૧/૦૫/૨૦૧૦ ના રોજ રાજુલા મુકામે થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી એ.બી.ખુમાણ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તારીખ : ૦૬/૦૯/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં, મુ.રાજુલા

જન્મ/મરણ અરજી નંબર/ ૩૩/૨૦૨૫

અરજદાર શ્રી :- શ્રી ભાણીબેન ધનજીભાઈ શિયાળ
સરનામું :- રહે.રાજુલા ઢે, બીડી કામદાર, રાજુલા તા.રાજુલા જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફીસરશ્રી, રાજુલા
તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી ભાણીબેન ધનજીભાઈ શિયાળ, એ તેમના પુત્ર શ્રી અશોકભાઈ ધનજીભાઈ શિયાળનો જન્મ તા.૧૦/૦૫/૨૦૦૬ ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી. ખુમાણ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧ માહે. ૫ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તારીખ : ૦૧/૦૬/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં, મુ.રાજુલા

જન્મ/મરણ અરજી નંબર/ ૩૬૪/૨૦૨૪

અરજદાર :- શ્રી નાનુબેન વા/ઓ જીવનભાઈ ચૌહાણ
સરનામું :- રહે.રાજુલા, તા.રાજુલા જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી નાનુબેન વા/ઓ જીવનભાઈ ચૌહાણ ના માતા સ્વ.શ્રી.તેજુબેન ઘેલાભાઈ શિયાળનું મરણ તા.૧૫/૧૨/૨૦૧૦ ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી સવજીભાઈ એસ.રાઠોડ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૭ માહે. ઓગષ્ટ સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તારીખ : ૧૭/૦૮/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



સુપ્રિમ કોર્ટમાં રખડતા શ્વાન બાબતે સુનવણી ચાલી રહી છે ત્યારે જ અમરેલીના નાગરિકોને નિશાન બનાવ્યા

# અમરેલી શહેરમાં શ્વાનનો આંતક, પાલિકા સામે પડકાર

અમરેલી,તા.૨૦

અમરેલી શહેરમાં સોમવારના રોજ શ્વાને અનેક વિસ્તારોમાં નાગરિકોને નિશાન બનાવ્યા હતા. શ્વાને ૪૦થી વધુ લોકોને કરડતા પ્રશાસનની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. અમરેલી શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા શ્વાનોએ ભારે આતંક મચાવ્યો છે. શહેરના વ્યસ્ત ગણાતા શાકમાર્કેટ, ચાંદની ચોક અને માણેકપરા સહિતના વિસ્તારોમાં હડકાયા શ્વાને બાળકોથી લઈને વૃદ્ધો સુધીના આશરે ૪૫ જેટલા લોકોને બચકાં ભરી ઈજાગ્રસ્ત કર્યા છે. અમરેલી શહેર ઉપરાંત ગ્રામ્ય પંથકમાં પણ ભયનો માહોલ છે. વાંકિયા, બરવાળા (બાવીસી વિસ્તાર) અને ધારી તાલુકામાં પણ શ્વાને હુમલો કરી લોકોને નિશાન બનાવ્યા હતા. આ હુમલાઓમાં લોકોને હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાને પગલે લોકોમાં ફફડાટ ફેલાયો છે અને ઘણા પરિવારો ઘરમાં પુરાઈ રહેવા મજબૂર બન્યા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. એકસાથે આટલી મોટી સંખ્યામાં દર્દીઓ આવતા હોસ્પિટલ તંત્રમાં પણ દોડધામ મચી ગઈ હતી. સ્થાનિકોએ રખડતા શ્વાનોના ત્રાસથી મુક્તિ અપાવવા તંત્ર પાસે કડક કાર્યવાહીની માંગ કરી છે.



સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર,અમરેલી નગરપાલિકામાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. વંધ્યીકરણ કે કૂતરાઓને પકડવાની કોઈ સક્રિય ઝુંબેશ ન ચલાવાતી હોવાથી લોકોમાં તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોની માંગ છે કે નગરપાલિકા તાત્કાલિક ધોરણે રખડતા કૂતરાઓને પકડવાનું અભિયાન શરૂ કરે, નહીંતર આગામી દિવસોમાં કોઈ મોટું આંદોલન છેડવામાં આવશે

### પાલિકાએ વિવિધ ટીમ બનાવી

અમરેલી શહેરમાં શ્વાને ૪૦થી વધુ લોકોએ કરડતા નગરપાલિકા હરકતમાં આવ્યું હતું. જાણવા મળતી માહિતી મુજબ પાલિકા દ્વારા ચાર સભ્યોની ત્રણ ટીમ બનાવી છે. આ ટીમ દ્વારા જે વિસ્તારમાં શ્વાન કરડ્યા છે તે વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યુ છે. આ અંગે ચીફ ઓફીસર વિનોદ રાઠોડે જણાવ્યું હતું કે, ભાવનગરમાં કાર્યકરત એજન્સી દ્વારા અમરેલીમાં શ્વાનોને પકડી તેમનું રસીકરણ કરવામાં આવશે. જો કે આ કાર્યવાહી પહેલા પણ કરવામાં આવી હોત પરંતુ જીવદયાપ્રેમીઓના કારણે કામગીરી થઈ શકી નહોતી. રસીકરણ અને ડીવોર્મિંગ કરવાના કારણે કદાચ જો શ્વાન કરડે તો વ્યક્તિને કોઈ ગંભીર અસર થાય નહી તેમ અંતમાં ચીફ ઓફીસરે જણાવ્યું હતું.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત

॥ ધ્વજવંદન નિમંત્રણ ॥

૭૭ માં પ્રજાસત્તાક દિન નિમિતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ છે.

ધ્વજવંદન બાદ સંસ્થાનાં સ્ટુડન્ટ્સ દ્વારા માર્ચપાસ્ટ, સમૂહ કવાયત, યોગાસન, જિમનાસ્ટીક અને એકસૂર એકતાલનાં કાર્યક્રમ રજૂ થશે. સંસ્થાનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ, સ્ટુડન્ટસ, પેરન્ટસ્ અને શુભેચ્છકશ્રીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

:: ધ્વજ વંદન :: શ્રી હિરેનભાઈ કનુભાઈ હિરપરા (પ્રદેશ પ્રમુખશ્રી, ભાજપ કિશાન મોરચા, ગુજરાત)

:: અધ્યક્ષ સ્થાન :: શ્રી અતુલભાઈ ભીખુભાઈ કાનાણી (પ્રમુખશ્રી, અમરેલી જીલ્લા ભાજપ)

:: અતિથિ વિશેષ ::

શ્રી મયુરભાઈ કાળુભાઈ હિરપરા (પૂર્વ ચેરમેનશ્રી, કારોબારી સમિતિ જી.પ., અમરેલી)
શ્રી દિપેશભાઈ રતિભાઈ ધાનાણી (દિવમ ગૃપ, સુરત)
શ્રી વસંતભાઈ બાવાલાલ મોવલીયા (ટ્રસ્ટીશ્રી, ખોડલધામ – કાગવડ)
શ્રી દિનેશભાઈ રવજીભાઈ ધાનાણી (અગ્રણી બિલ્ડરશ્રી, સુરત)
શ્રી ડી. કે. રૈયાણી (પ્રમુખશ્રી, લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, અમરેલી)
શ્રી કાંતીભાઈ નાગજીભાઈ ઝાલાવાડીયા (અગ્રણી બિલ્ડરશ્રી, સુરત)
શ્રી કાંતીભાઈ બાવાભાઈ વઘાસિયા (પૂર્વ પ્રમુખશ્રી, લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, અમરેલી)
શ્રી નટુભાઈ કાળાભાઈ ચોવટીયા (ખજાનચી, સ્વામિનારાયણ નિશુલ્ક હોસ્પિટલ, વડતાલ)
શ્રી રમેશભાઈ વાલજીભાઈ કાથરોટીયા (કન્વીનરશ્રી, અમરેલી જીલ્લા ખોડલધામ સમિતિ)
શ્રી બિપીનભાઈ લિંબાણી (પ્રમુખશ્રી, નગર પાલિકા, અમરેલી)

:: રાજસ્વી ગૌરવ ::

શ્રી ભરતભાઈ સુતરીયા – સાંસદશ્રી
શ્રી કૌશીકભાઈ વેકરીયા – મંત્રીશ્રી,કાયદો-ઊર્જા
શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા – સાંસદશ્રી
શ્રી દિલિપભાઈ સંઘાણી – ચેરમેનશ્રી, ઈફકો
શ્રી નારણભાઈ કાછડીયા – પૂર્વ સાંસદશ્રી
શ્રી પરેશભાઈ ધાનાણી – પૂર્વ નેતાશ્રી વિપક્ષ
શ્રી જનકભાઈ તળાવીયા – ધારાસભ્યશ્રી
શ્રી વિરજીભાઈ ઠુંમર – પૂર્વ સાંસદશ્રી
શ્રી મહેશભાઈ કસવાળા – ધારાસભ્યશ્રી
શ્રી બાવકુભાઈ ઉંધાડ – પૂર્વ મંત્રીશ્રી
શ્રી જે. વી. કાકડીયા – ધારાસભ્યશ્રી
શ્રી હિરાભાઈ સોલંકી – ધારાસભ્યશ્રી

તા. ૨૬/૦૧/૨૦૨૬ ને સોમવાર, સવારે ૦૯:૦૦ કલાકે.
શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી.

:: નિમંત્રક ::

શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ હુમ્મર – પ્રમુખશ્રી
શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ડાવરીયા – મંત્રીશ્રી
શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી
શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી

- Ad 000


# બગસરા તાલુકાના હાલરીયા ગામે ગૌશાળા નજીક જ સિંહોની લટાર

અમરેલી,તા.૨૦

બગસરા તાલુકાના હાલરીયા ગામમાં મોડી રાત્રે બે વનરાજો શિકારની શોધમાં રહેણાંક વિસ્તાર સુધી પહોંચી આવતા ફફડાટ વ્યાપ્યો છે. ગામની ગોપાલ ગૌશાળા પાસે બે સિંહો ચડી આવ્યા હતા. સિંહોને જોઈ ગૌશાળામાં બાંધેલા પશુઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. આ સમગ્ર દ્રશ્યો ગૌશાળાના CCTV કેમેરામાં કેદ થયા છે, જેમાં સિંહો મુખ્ય દરવાજા પાસે લાંબા સમય સુધી શિકારની શોધમાં આંટાફેરા કરતા જોઈ શકાય છે. સદનસીબે, ગૌશાળાના દરવાજા મજબૂત રીતે બંધ હોવાથી સિંહો અંદર પ્રવેશી શક્યા ન હતા, જેના કારણે મોટી પશુહાનિ ટળી હતી. શિકાર ન મળતા બંને સિંહો રેવન્યુ વિસ્તાર તરફ પરત ફર્યા હતા. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા સ્થાનિક ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.



**સિંહોના આંટાફેરાથી ગ્રામજનોમાં ભયનો માહોલ**

# દિલ્હીથી સંચાલિત ડિપ્લોમા કો-ઓપરેટીવ અભ્યાસમાં અમરેલીના ગોપેશ ગજેરા પ્રથમ સ્થાને

અમરેલી, તા.૨૦

નવી દિલ્હીમાં ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ દ્વારા સંચાલિત રાષ્ટ્રીય સહકારી શિક્ષણ કેન્દ્ર ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘના માધ્યમથી અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળીના સીઓ ગોપેશ ગજેરા અને અમરેલી જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ સાગર મહેતા દ્વારા ડિપ્લોમા કો- ઓપરેટીવ એજ્યુકેશન અને ડેવલોપમેન્ટ (ડિપ્લોમા)નો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ કોર્સમાં



ભારતભરના વિદ્યાર્થીઓએ એડમિશન મેળવ્યા હતા ત્યારે આ ત્રણ માસના કોર્સની ફાઈનલ પરીક્ષામાં ગોપેશ ગજેરાએ ૮૯% મેળવી પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને સાગર મહેતાએ ૮૭ ટકા સાથે ચોથો ક્રમ મેળવ્યો હતો.

# સાવરકુંડલાના ધજડીની પ્રાથમિક શાળામાં વોટર ટેસ્ટિંગ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા.૨૦

ધજડીની પ્રાથમિક શાળામાં વાસમો (WASMO) યોજના અંતર્ગત પાણીની શુદ્ધતા ચકાસવા માટેના એક વિશેષ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીના વોટર ટેસ્ટિંગ મેનેજર હામાંભાઈ બલદાણીયા દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પાણીના પરીક્ષણ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે પાણીના વિવિધ નમૂનાઓ લઈ તેનું પ્રત્યક્ષ પરીક્ષણ કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું કે પાણીમાં TDS (Total Dissolved Solids)નું પ્રમાણ કેટલું હોવું જોઈએ અને આરોગ્યપ્રદ પીવાલાયક પાણીના માપદંડો શું છે. શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક રમણીકભાઈ મારુએ પણ આ પ્રક્રિયામાં જોડાઈને પાણીનું ટેસ્ટિંગ કર્યું હતું. શિક્ષક ઉમેશભાઈ વરમોરા, પરેશભાઈ સતાસીયા, વિશાલભાઈ ગોહિલ તથા ગુલાબબેન કથીરિયા પણ પરીક્ષણમાં જોડાયા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય રવજીભાઈ બગડાએ વાસમો ટીમનો આભાર માન્યો હતો.

## અવસાન નોંધ

**નવી કાતર**

ખાંભાના નવી કાતર ગામના સ્વ. લાખાભાઈ છગનભાઈ ચોડવડિયાનું ૧૭-૦૧-૨૦૨૬ના રોજ અવસાન થયું છે. તેઓ ઘનશ્યામભાઈ છગનભાઈ ચોડવડિયાના ભાઈ, અલ્પેશભાઈના પિતા તથા જીગ્નેશભાઈ અને તુષારભાઈના કાકા થાય છે. સદગતનું બેસણું તા.૨૨/૦૧-૨૦૨૬ ગુરુવારે સવારે ૮ થી સાંજે ૪ કલાક સુધી તેમના નિવાસ નવી કાતર મુકામે રાખ્યું છે.

**ગોપાલગ્રામ**

ગં.સ્વ. મંગળાબેન ભાઈલાલભાઈ પાટણવાડિયા (ઉં.વ.૮૬)નું તા. ૨૦/૦૧/૨૦૨૬ને ગુરવારના રોજ દુ:ખદ અવસના થયેલ છે. તે સુધીરભાઈ પાટણવાડિયા (રિટાયર્ડ જી.એલ.ઓ. ગાંધીનગર), રાજુભાઈ મિસ્ત્રી (અમદાવાદ) તેમજ અશોકભાઈ પાટણવાલા નાં માતુશ્રી તેમજ કનુભાઈ સુથાર (ગોપાલગ્રામ)ના ભાભી થાય છે. તેમનું બેસણું તા. ૨૨ જાન્યુઆરી ગુરુવારના રોજ તેમનાં નિવાસસ્થાન 'કિશન' ગંગા નગર, ચક્કરગઢ રોડ અમરેલી ખાતે રાખેલ છે.


BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


-// જાહેર નોટીસ //-

(જન્મના દાખલા માટે)

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ:લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજ નંબર:૦૧/૨૦૨૬

અરજદાર તર્ફે વિ.વકીલ શ્રી નવીનભાઈ એન.મકવાણા

વિવાદી:- અનવરભાઈ કાસમભાઈ ગુલચર
રહે.દામનગર, તા.લાઠી, જી.અમરેલી, મો.નં.૯૪૨૯૪ ૭૮૧૬૭

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- શ્રી જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી-વ-ચિફ ઓફિસર સાહેબશ્રી ન.પા.કચેરી-દામનગર

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાનાં મોજે દામનગર, ગામના રહીશ આ કામના અરજદારના પુત્રી શબાનાબેન અનવરભાઈ ગુલચર નો જન્મ તા.૧૫/૧૦/૧૯૮૧નાં રોજ દામનગર, તા.લાઠી, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમની જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૧/૦૧/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ ૩.૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

મુ.:- લાઠી.
તારીખ:-..........

( )
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી


શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ બ્લુટુથ ટેકનોલોજી AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૯/૨૦૨૬

અરજદાર :- શ્રી રાબિયાબેન રહેમાનભાઈ બીલખીયા
રહે.પેનસન પુરાગામ, નિજામપુરા સામે, પી.ટી.બી. હોસ્ટેલની બાજુમાં, ફતેગંજ, વડોદરા

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ટીંબા-જશવંતગઢ, તા.જી.અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ટીંબા-જશવંતગઢ ગામમાં અરજદારશ્રી રાબિયાબેન રહેમાનભાઈ બીલખીયા તેઓના નાના બહેન રશીદા રહેમાનભાઈ બીલખીયાની જન્મ (તા.૨૫/૧૧/૧૯૬૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૩/૨૦૨૬

અરજદાર :- બાબુભાઈ દેવરાજભાઈ ચકરાણી
રહે.દેવભૂમી દેવળીયા, તા.જી.અમરેલી,

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.દેવભૂમી દેવળીયા, તા.જી.અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવભૂમિ દેવળીયા ગામમાં અરજદારશ્રી બાબુભાઈ દેવરાજભાઈ ચકરાણી તેઓના પુત્રી સંગીતાબેન બાબુભાઈ ચકરાણીની જન્મ (તા.૨૭/૦૩/૧૯૭૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૪૭૩/૨૦૨૫ તા.૧૭/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. લાંબા પંકજભાઈ કનુભાઈ,
રહે. કેરાળા, તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.તલાટી કમ મંત્રીશ્રી કેરાળા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી લાંબા પંકજભાઈ કનુભાઈનો જન્મ તા.૧૪/૦૬/૧૯૮૫ ના રોજ મુ.કેરાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

-:જાહેર નોટીસ:-

**મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૮૫/૨૦૨૫

અરજદારશ્રી:- શ્રી લાલજીભાઈ ભગવાનભાઈ બોરડ,
રે. હનુમાન ખીજડીયા, તા.વડીયા, જી.અમરેલી
એડ.શ્રી.ડી.એચ.ચૌહાણ, મો.- ૯૫૮૬૧ ૯૮૬૭૦

વિરૂધ્ધ

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી હનુમાન ખીજડીયા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી લાલજીભાઈ ભગવાનભાઈ બોરડએ તેમના પુત્ર મુકેશભાઈનો જન્મ તા.૦૨/૦૭/૧૯૭૦ ના રોજ મુ.હનુમાન ખીજડીયા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

**તંત્રી લેખ**

# ભારત માટે રાષ્ટ્રીય હિત સૌથી વધુ મહત્વના છે

વિશ્વ વ્યાપાર માટે ભારતના પોતાના વેપારુ ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રના હિતો સૌથી વધુ મહત્વપૂર્ણ છે આથી તે અમેરિકા સાથે વ્યાપારી કરારમાં ઝુકવા માગતું નથી. અમેરિકા ભારતને અન્ય દેશોની જેમ વધારવાની ધમકીઓ આપ્યા કરે છે પરંતુ ભારતને નવા બજાર પોતાની દ્રષ્ટિ ફેરવી છે એશિયા યુરોપના બજારો સાથે ભારત પોતાના સંપર્કો વધારી રહેયુ છે.

વૈશ્વિક વેપાર આજના સમયમાં નવી ગોઠવણીમાંથી પસાર થઈ રહ્યો છે. એક તરફ અમેરિકા ટેરિફ અને પ્રતિબંધોની નીતિ દ્વારા વિશ્વના મોટા ભાગના દેશો પર દબાણ ઊભું કરી રહ્યું છે, તો બીજી તરફ ચીન પોતાની વિશાળ ઉત્પાદન ક્ષમતા અને સસ્તી નિકાસથી બજારો પર કબજો જમાવવાની કોશિશમાં છે. આ બે મહાસત્તાઓની વચ્ચે ભારતે સાવધ, સંતુલિત અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગ પસંદ કર્યો છે. ભારત કોઈ એક દેશ પર આધાર રાખવાને બદલે બહુધ્રુવીય વેપાર સંબંધો મજબૂત કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે, અને તેમાં યુરોપિયન યુનિયન સાથેનો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થવાનો છે.

અમેરિકા ભારત પર ખાસ કરીને કૃષિ અને ડેરી ક્ષેત્રમાં પોતાના ઉત્પાદનો માટે દરવાજા ખોલવાનું દબાણ કરી રહ્યું છે. પરંતુ ભારત માટે આ ક્ષેત્રો માત્ર વેપારના નથી, તે કરોડો ખેડૂતો અને ગ્રામિણ અર્થવ્યવસ્થાના આધારસ્તંભ છે. તેથી ભારત "તેલ જુઓ, તેલની ધાર જુઓ" જેવી નીતિ અપનાવીને કોઈ ઉતાવળા નિર્ણય લેવાને બદલે પોતાના હિતોને પ્રાથમિકતા આપી રહ્યું છે. આ સાવચેતીને કારણે ભારત-અમેરિકા વેપાર કરાર અટવાઈ પડ્યો છે, પરંતુ આ જ સમયે ભારતે અન્ય વૈશ્વિક વિકલ્પો તરફ ઝડપથી પગલા ભર્યા છે.

યુરોપિયન યુનિયન સાથેનો પ્રસ્તાવિત એગ્રીમેન્ટ એ જ વ્યૂહરચનાનો ભાગ છે. વર્ષો સુધી ચાલેલી ધીમી વાતચીત પછી હવે આ કરાર અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. લાંબી નવ વર્ષની પ્રતીક્ષા બાદ જૂન ૨૦૨૨માં ફરીથી સંવાદ શરૂ થયો હતો અને આજે ૨૪માંથી ૨૦ મુદ્દાઓ પર સહમતિ બની ચૂકી છે. બાકી રહેલા મુદ્દાઓ પણ ઉકેલવાના પ્રયત્નો તેજ ગતિએ ચાલી રહ્યા છે. આવનારા ભારત—યુરોપિયન યુનિયન શિખર સંમેલનમાં આ કરાર પર હસ્તાક્ષર થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે, જે વૈશ્વિક વેપાર માટે એક મહત્વની ઘટના બની શકે છે.

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેનો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એટલે એવો વ્યાપક વેપાર કરાર, જેના દ્વારા બંને પક્ષો વચ્ચે ચીજવસ્તુઓ, સેવાઓ અને રોકાણ પર લાગતા શુલ્ક (ટેરિફ), અડચણો અને નિયમોને સરળ બનાવવામાં આવે છે. યુરોપિયન યુનિયન ૨૭ દેશોનું ગઠબંધન છે અને તે વિશ્વના સૌથી મોટા અને સમૃદ્ધ બજારોમાંનું એક ગણાય છે. ભારત માટે આ કરાર વ્યૂહાત્મક અને આર્થિક રીતે અત્યંત મહત્વનો છે.

આ કરારનો મુખ્ય ઉદ્દેશ બંને વચ્ચેનો વેપાર વધારવો, આયાત-નિકાસ ખર્ચ ઘટાડવો, રોકાણને પ્રોત્સાહન આપવો અને સપ્લાય ચેઈનને મજબૂત બનાવવાનો છે. આ એગ્રીમેન્ટ થવાથી ઘણા ઉત્પાદનો પરનો કસ્ટમ્સ ડ્યુટી ધીમે ધીમે શૂન્ય અથવા ખૂબ ઓછો કરવામાં આવે છે, જેથી વેપાર વધુ સ્પર્ધાત્મક બને.

યુરોપિયન યુનિયન દેશો ટેકનોલોજી, ગ્રીન એનર્જી, ઈલેક્ટ્રિક વ્હીકલ્સ, ક્લાઈમેટ ટેક અને મેન્યુફેક્ચરિંગમાં મજબૂત છે. આ એગ્રીમેન્ટ બાદ યુરોપિયન કંપનીઓ ભારતને એક વિશ્વસનીય ઉત્પાદન અને રોકાણ હબ તરીકે જોશે. તેનાથી રોજગાર સર્જન, નવી ટેકનોલોજી અને ઉદ્યોગિક વિકાસને વેગ મળશે.

**પોલીસની બુટલેગરો સામે કડક કાર્યવાહી**

# સા.કુંડલામાંથી અલગ અલગ ત્રણ સ્થળોએથી વિદેશી દારૂના ૩૦ ચપટા પોલીસે ઝડપ્યાં

**જિલ્લામાં ૬ મહીલા સહિત ૨૫ લોકો પાસેથી દેશી દારૂ મળી આવ્યો**

સાવરકુંડલા, તા.૨૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે ત્રણ સ્થળેથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. સાવરકુંડલામાંથી વિદેશી દારૂના ૩૦ ચપટા ઝડપાયા હતા. ટેકસી સ્ટેન્ડ, ઉજાલા ઈલેકટ્રોનીકની દુકાન પાસેથી આફતાબ અનવરભાઈ કુરેશી (ઉ.વ.૨૭) પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની બોટલ ચપટા કુલ નંગ-૩૦ જેની કિં.રૂા.૨૩૯૦ નો પ્રોહિબીશન મુદ્દામાલ મળી આવ્યો હતો. સાવરકુંડલાના જુની આંબરડી ગામે પ્લોટ વિસ્તારમાંથી એક પ્રૌઢ પાસેથી ભારતીય બનાવટનો પર-પ્રાંતીય વિદેશી દારૂ અલગ-અલગ બ્રાન્ડની ૧૧ બોટલો મળી હતી. જેની કુલ કિ.રૂ.૬૦,૫૦૦ જાહેર થવા પામી હતી. આ મુદ્દામાલ પણ પોલીસે કબજે કર્યો હતો. ટીંબી ગામના ગેટ પાસેથી દારૂની બોટલ સાથે યુવક પકડાયો હતો. જિલ્લામાં છ મહિલા સહિત ૨૫ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આંબા ગામે વોકળામાં મેલડી માતાજીના મંદિર પાસે પાસ પરમીટ વગર દેશી દારૂ બનાવવાનો ૧૭૦ લીટર આથો પકડાયો હતો. જિલ્લામાંથી ૧૯ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. સાવરકુંડલામાંથી એક પુરુષ કેફીપીણુ પીધેલી હાલતમા સર્પાકાર રીતે મોટર સાયકલ ચલાવતા મળ્યો હતો.

# શેલણા ગામના માથાભારે ઈસમે કોણે અખબારી અહેવાલ આપ્યોની તપાસ શરૂ કરી

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલાના શેલણા ગામે થોડા દિવસ પહેલા ગામના બસ સ્ટેન્ડમાં ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હોવાનો અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ થયો હતો. જે બાદ આ ઈસમે દબાણ સ્વેચ્છાએ હટાવીને ગ્રામપંચાયતની જગ્યા ખાલી કરવાના બદલે અખબારમાં આ અહેવાલ કોણે આપ્યો તેની તપાસ શરૂ કરી હતી. આ ઉપરાંત જેણે પણ આ અહેવાલ કે માહિતી આપી હશે તેના સારા વાટ નહીં રહે તેમ પણ ગામલોકોને જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ગ્રામજનોએ આ માથાભારે ઈસમે બસ સ્ટેન્ડ અને તેની આસપાસ કરેલા દબાણને લઈ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરી હોવા છતાં હજુ સુધી કોઈ પરિણામ આવ્યું નથી. તેથી ગ્રામજનો આ દબાણ તંત્ર દ્વારા સત્વરે દૂર કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# રસ્સા અને ડ્રમ વચ્ચે ફસાઈ જવાથી શ્રમિકે જીવ ગુમાવ્યો

**જાફરાબાદમાં ટગ બોટ દ્વારા ખેંચવાની કામગીરી ચાલતી હતી ત્યારે બન્યો બનાવ**

જાફરાબાદ, તા. ૨૦

જહાજ લાંગરવાની કામગીરી દરમિયાન સર્જાયેલા એક ગંભીર અકસ્માતમાં એક શ્રમિકનું કરુણ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, "દનૈયા નારી"નામના શીપને જેટ્ટી સુધી લાવવા માટે ટગ બોટ દ્વારા ખેંચવાની પ્રક્રિયા ચાલી રહી હતી. મહારાષ્ટ્રના કોલાબામાં રહેતો હર્ષ તીનોપાલ વાલ્મિકી (ઉ.વ.૨૪) ટગ દ્વારા ફેંકવામાં આવેલા રસ્સા (દોરડા) મૃત્યુ પામનાર વ્યક્તિ પોતાના હાથેથી પકડીને હાઈડ્રોલીક ડ્રમ પર ચડાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

કમનસીબે, અચાનક હાથ રસ્સા અને ડ્રમની વચ્ચે ફસાઈ ગયો હતો. રસ્સાના ભારે દબાણ અને ડ્રમની ગતિને કારણે શ્રમિકને હાથે તેમજ શરીરના ગુપ્ત ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચી હતી. અત્યંત ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત નીપજ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી અને સુરક્ષાના સાધનોના અભાવ અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

# ચિતલમાં તા.૨૬ જાન્યુઆરીએ નિઃશુલ્ક દંતચિકિત્સા અને દાંતની બત્રીસીનો કેમ્પ

અમરેલી, તા.૧૯

પરમ શ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવની પ્રેરણાથી તથા શ્રી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટના આયોજન હેઠળ ચિતલ અને આસપાસની જનતા માટે નિઃશુલ્ક દંતચિકિત્સા અને દાંતની બત્રીસીનો કેમ્પ યોજવામાં આવી રહ્યો છે. આ સેવાકાર્યમાં ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજયુકેશન-રાજકોટ, મુળ ચિતલના અને હાલ રાજકોટ નિવાસી મહેશભાઈ મહેતા તેમજ વિદ્યાભારતી ટ્રસ્ટ-ચિતલનો સહયોગ પ્રાપ્ત થયો છે. કેમ્પ દરમિયાન દાંત તથા પેઢાના રોગોનું નિદાન, જરૂરિયાત મુજબ દાંત-દાઢ આયુર્વેદની જાલંધર બંધ વિધિથી ઈન્જેક્શન વગર કાઢી આપવાની સુવિધા, તેમજ વિનામૂલ્યે દવાઓ આપવામાં આવશે. ઉપરાંત વૃદ્ધ નાગરિકોને જરૂરી હોય તો સ્થળ પર જ દાંતની બત્રીસી (ચોકઠું)નું માપ લઈને વિનામૂલ્યે બનાવી આપવામાં આવશે. આ કેમ્પ તા. ૨૬-૦૧-૨૦૨૬, સોમવારના રોજ સવારે ૯.૩૦ થી ૧.૦૦ વાગ્યા સુધી શ્રી સરસ્વતી વિદ્યામંદિર, જુના સરકારી દવાખાના પાછળ, ચિતલ, જી. અમરેલી ખાતે યોજાશે. વધુ માહિતી અને રજિસ્ટ્રેશન માટે આયોજકોનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# ચલાલામાં દૂધ વહેંચવા વાળા એ વેપારીનો ખોવાયેલો કિંમતી મોબાઈલ પરત કરી પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

ચલાલા, તા.૨૦

દાન મહારાજના ચલાલા ગામના વેપારી અગ્રણી અને ઓમ સિલેક્શનના માલીક નિલેશભાઈ ડોડીયા ચલાલાથી ધારી જતા હતા ત્યારે તેમનો એ-પ્લસ કંપનીનો અંદાજે ૪૫૦૦૦ કિંમતનો મોબાઈલરસ્તા મા પડી ગયેલ હતો.. તેઓએ પોતાના પરિચિતમાં મોબાઈલની શોધ ખોળ કરી પરંતુ મોબાઈલ પરત મળ્યો ન હતો. ખોવાયેલો મોબાઈલ બાજુના દહીડા ગામના વતની અને દરરોજ સવાર સાંજ દૂધના દનૈયા ભરવાનો સામાન્ય ધંધો કરતા અશોકભાઈ બાવકુભાઈ વાળાને જડ્યો હતો. તેઓએ પળ નો પણ વિલંબ કર્યા વગર મોબાઈલમાંથી નંબર મેળવી પોતે નિલેશભાઈની દુકાને રૂબરૂ જઈ તેમનો ખોવાયેલો મોબાઈલ




પરત કરી દઈ પ્રમાણિકતા અને માનવતા નુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અશોકભાઈ વાળાએ કોઈ લોભ લાલચમાં આવ્યા વગર મૂળ માલિકને તેનો મોબાઈલ કોઈ અપેક્ષા રાખ્યા વગર પરત કરી દેતા ચલાલાની બજારમાં અશોકભાઈ વાળા ની પ્રશંસા થઈ રહી છે.

# અમરેલી અને સાવરકુંડલામાંથી અજાણ્યા ઈસમ દ્વારા બાઈકની ચોરી થતા ચકચાર

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાંથી વધુ બે બાઈકની ચોરી થઈ હતી. અમરેલીમાં રહેતા અને સફાઈ કામદાર તરીકે નોકરી કરતા ગૌતમભાઈ ભીખુભાઈ માંડવીયા (ઉ.વ.૩૪) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘર પાસે પાર્ક કરેલા રૂપિયા ૪૦ હજારના કિંમતની બાઈકની અજાણ્યો શખ્સ ઉત્તરાયણના દિવસે ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. બાઈક ચોરીનો બીજો બનાવ સાવરકુંડલામાં બન્યો હતો. સાવરકુંડલામાં રહેતા અને કડીયાકામ કરતાં ધર્મેશભાઈ ગુણવંતભાઈ વાઘેલા (ઉ.વ.૪૧) એ જાહેર કર્યા મુજબ, ઉત્તરાયણના દિવસે બાઈક ઘરની બહાર શેરીમાં મુકીને જમવા ગયા હતા. જમીને પરત આવીને જોતા બાઈક મળી આવ્યું નહોતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૬૧૮ |
| ઘઉં લોકવન | ૫૦૯ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૮૨ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૦૧૦ |
| જુવાર પીળી | ૩૪૦ | ૪૩૦ |
| બાજરી | ૩૫૦ | ૪૦૦ |
| તુવેર | ૯૭૦ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૯૫૦ |
| અડદ | ૧૦૧૦ | ૧૪૯૦ |
| મગ | ૧૦૫૦ | ૧૮૭૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૩૦ |
| ચોળી | ૮૦૦ | ૧૧૭૫ |
| મઠ | ૧૧૪૦ | ૨૦૦૨ |
| વટાણા | ૪૦૦ | ૧૩૨૦ |
| કળથી | ૩૫૦ | ૪૦૫ |
| રાજમા | ૩૦૦ | ૧૪૭૦ |
| મગફળી જાડી | ૧૨૧૦ | ૧૪૪૫ |
| મગફળી જીણી | ૧૨૧૫ | ૧૪૫૫ |
| તલી | ૧૬૦૦ | ૨૦૮૦ |
| એરંડા | ૧૧૫૮ | ૧૨૩૯ |
| અજમો | ૧૧૨૦ | ૩૦૫૦ |
| સુવા | ૧૦૦૫ | ૧૯૭૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૩૧ |
| સીંગફાડા | ૧૦૧૦ | ૧૬૩૮ |
| કાળા તલ | ૩૦૫૦ | ૪૮૦૦ |
| લસણ | ૧૧૨૫ | ૧૮૦૦ |
| ધાણા | ૧૩૨૦ | ૧૯૫૦ |
| મરચા સુકા | ૨૬૦૦ | ૪૯૦૦ |
| ધાણી | ૧૬૨૦ | ૨૦૯૦ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૬૧૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૨૫ |
| રાય | ૧૧૩૦ | ૧૭૨૧ |
| મેથી | ૭૦૦ | ૧૨૮૫ |
| ઇસબગુલ | ૭૦૧ | ૨૪૩૦ |
| અશેરીયો | ૧૦૩૨ | ૧૧૪૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૧૮ |
| રજકાનું બી | ૫૨૫૦ | ૫૮૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૯૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૩૯ | ૫૧૧ |
| પપૈયા | ૭૫ | ૧૩૦ |
| બટેટા | ૧૨૬ | ૩૧૯ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૯૦ |
| ટમેટા | ૪૩૧ | ૬૧૨ |
| સુરણ | ૬૩૧ | ૮૧૨ |
| કોથમરી | ૧૬૩ | ૨૦૮ |
| મુળા | ૩૧૭ | ૪૨૬ |
| રીંગણા | ૧૯૮ | ૫૮૯ |
| કોબીજ | ૮૭ | ૧૫૮ |
| ફ્લાવર | ૩૦૪ | ૪૮૨ |
| ભીંડો | ૮૦૩ | ૧૦૨૨ |
| ગુવાર | ૧૦૭૧ | ૧૫૯૬ |
| ચોળાસીંગ | ૬૩૯ | ૯૮૩ |
| વાલોળ | ૪૮૧ | ૭૧૪ |
| ટીંડોળા | ૫૨૯ | ૧૦૧૭ |
| દુધી | ૨૧૭ | ૩૩૪ |
| કારેલા | ૪૬૯ | ૭૧૧ |
| સરગવો | ૧૦૫૭ | ૧૪૪૨ |
| તુરીયા | ૭૦૩ | ૧૧૯૧ |
| પરવર | ૧૪૨૩ | ૧૬૧૨ |
| કાકડી | ૩૧૮ | ૭૮૦ |
| ગાજર | ૨૧૨ | ૩૩૪ |
| વટાણા | ૪૦૭ | ૫૬૨ |
| તુવેરસીંગ | ૪૦૮ | ૬૨૩ |
| ગલકા | ૬૪૭ | ૯૫૭ |
| બીટ | ૧૨૬ | ૨૨૪ |
| મેથી | ૧૧૦ | ૧૭૮ |
| વાલ | ૫૩૭ | ૬૦૭ |
| ડુંગળી લીલી | ૨૨૭ | ૩૪૧ |
| આદુ | ૧૦૧૭ | ૧૨૦૬ |
| ચણા લીલા | ૧૩૭ | ૩૫૨ |
| મરચા લીલા | ૪૨૭ | ૬૩૮ |
| હળદર લીલી | ૪૨૮ | ૬૧૧ |
| લસણ લીલું | ૮૩૧ | ૧૨૦૫ |
| મકાઇ લીલી | ૨૪૮ | ૪૦૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૦૬ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૦૨ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૪૫૦ |
| સિંગ ફાડીયા | ૧૦૦૧ | ૧૬૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૧ | ૧૨૬૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૬૧૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૦૪૧ |
| લસણ સુકું | ૮૦૧ | ૧૮૧૧ |
| ડુંગળી લાલ | ૧૦૬ | ૩૮૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૫૯૧ |
| મઠ | ૧૧૭૬ | ૧૧૭૬ |
| તુવેર | ૧૧૦૧ | ૧૬૦૧ |
| રાયડો | ૯૬૧ | ૯૬૧ |
| મેથી | ૯૫૧ | ૧૨૪૧ |
| કાંગ | ૪૭૧ | ૬૩૧ |
| સુરજમુખી | ૯૫૧ | ૯૫૧ |
| મરચા | ૧૨૦૧ | ૬૫૦૧ |
| ગુવાર બી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૪૧૬ |
| નવા ધાણા | ૧૦૦૦ | ૨૭૫૧ |
| નવી ધાણી | ૧૪૫૧ | ૩૨૧૧ |
| નવું જીરૂ | ૩૮૦૦ | ૭૦૦૦ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૪૧ |
| મગફળી ૬૬ | ૧૨૫૦ | ૧૫૫૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૧૨૬ |
| ઇસબગુલ | ૧૯૬૧ | ૧૯૬૧ |
| ધાણી | ૧૧૦૧ | ૨૦૮૧ |
| ડુંગળી સફેદ | ૧૭૧ | ૩૪૧ |
| બાજરો | ૩૫૧ | ૪૨૧ |
| જુવાર | ૯૦૦ | ૧૦૩૧ |
| મગ | ૮૫૦ | ૧૯૦૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૨૧ |
| વાલ | ૬૫૧ | ૯૬૧ |
| ચોળા / ચોળી | ૪૦૧ | ૭૭૬ |
| સોયાબીન | ૮૪૧ | ૧૦૨૬ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૯૧ |
| વટાણા | ૩૫૧ | ૮૨૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૨૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૫૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૮૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૮૦ | ૬૦૦ |
| વાલ | ૧૮૦ | ૮૦૦ |
| વટાણા | ૧૮૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૪૦ |
| બટેટા | ૧૦૦ | ૩૨૦ |
| લીલી હળદર | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| મૂળા પુરા | ૨ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| [illegible] | ૫ | ૧૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૨૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૫ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૩૮૦ |
| શિંગ ૬૬ ન. | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ગીરનાર શિંગ | ૧૦૩૦ | ૧૪૦૫ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૪૪૦ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૬૨૦ |
| તલ સફેદ | ૧૦૨૫ | ૨૨૩૫ |
| તલ કાળા | ૨૪૦૦ | ૪૧૪૦ |
| તલ કાશમીરી | ૧૮૮૫ | ૧૮૮૫ |
| બાજરો | ૩૫૦ | ૪૪૦ |
| જુવાર | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૩૦ |
| અડદ | ૯૪૫ | ૧૩૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૫ |
| ચણા સફેદ | ૯૫૫ | ૧૦૯૦ |
| ચણા છોલે | ૧૩૫૦ | ૧૬૫૫ |
| તુવેર | ૮૦૦ | ૧૪૧૦ |
| કપાસ | ૮૦૦ | ૧૬૪૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૫૫ |
| જીરુ | ૨૧૨૫ | ૪૪૫૫ |
| ધાણા | ૧૩૨૫ | ૨૦૩૦ |
| સોયાબીન | ૭૦૦ | ૧૦૨૫ |
| મરચાં લાંબા | ૧૨૯૦ | ૪૮૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૭૦ |
| રીંગણા | ૫૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૪૫૦ |
| કોબીઝ | ૧૫૦ | ૨૫૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૪૦૦ | ૭૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૩૦ | ૪૦૦ |
| દુધી | ૩૦૦ | ૩૮૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૫૦ | ૮૦૦ |
| મુળા | ૧૬૦ | ૨૦૦ |
| કાકડી | ૪૩૦ | ૫૨૦ |
| ગુવાર | ૧૬૫૦ | ૧૯૫૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૪૮૦ | ૫૫૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૫૦ |
| તુરીયા | ૯૩૦ | ૧૦૫૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| ભીડો | ૯૨૦ | ૧૦૨૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૩૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૨૦ |
| મેથીભાજી | ૧૬૦ | ૨૦૦ |
| ફોદીનો | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૫૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલા | ૫૦૦ | ૯૦૦ |
| મરચાં લાલ | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકુ | ૧૪૦૦ | ૨૦૫૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૪૦ | ૩૨૦ |
| મકાઈ | ૨૯૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૪૦ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૯૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૧૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૨૬ |
| કપાસ | ૧૩૮૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| બાજરો | ૩૦૦ | ૫૧૧ |
| અડદ | ૬૦૦ | ૯૫૦ |
| ચણા | ૮૦૦ | ૯૬૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૨૨ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૨૬ |
| સોયાબીન | ૮૦૦ | ૯૩૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૬ | ૧૬૨૪ |
| કપાસ મીડી. | ૧૩૭૦ | ૧૪૨૦ |
| મગફળી જી-૨૦ | ૧૧૪૮ | ૧૪૦૨ |
| ચણા | ૯૧૦ | ૧૦૮૦ |
| જીરૂ | ૩૧૨૦ | ૩૮૯૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૩૦ |
| તુવેર | ૯૬૫ | ૧૨૯૫ |
| સોયાબીન | ૭૯૫ | ૯૩૫ |
| તલ સફેદ | ૧૫૬૫ | ૧૯૮૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૨૩ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૨૬ |
| ઘઉ ટુકડા | ૪૮૦ | ૫૨૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૩૦ |
| ધાણા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| અડદ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૨૦ |
| મગફળી | ૯૦૦ | ૧૩૬૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૩૨ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૨૦ |
| તલ કાળા | ૨૬૨૦ | ૨૬૨૦ |
| લસણ | ૬૦૦ | ૬૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૮૯ | ૧૫૮૧ |
| **ધારી** | | |
| મગફળી | ૯૭૬ | ૧૩૪૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૦૦ |
| તલ કાળા | ૪૨૧૦ | ૪૨૧૦ |
| ધાણા | ૧૪૨૦ | ૧૮૦૦ |
| શીંગ દાણા | ૧૩૨૫ | ૧૩૨૫ |
| શીંગ ફાડા | ૧૩૩૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૯૮૬ | ૯૮૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૭૪૦ | ૨૦૭૧ |
| તલ કાળા | ૩૨૦૧ | ૩૨૦૧ |
| તલ પીળા | ૨૦૭૦ | ૨૦૮૧ |
| કપાસ | ૯૦૦ | ૧૬૧૨ |
| બાજરો | ૩૯૮ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૭૬ | ૬૦૬ |
| જુવાર | ૫૩૧ | ૧૦૩૬ |
| મગ | ૨૫૦૦ | ૨૭૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૧૩ |
| તુવેર | ૧૨૯૧ | ૧૨૯૧ |
| ચણા | ૯૭૬ | ૯૯૦ |
| સોયાબીન | ૬૫૧ | ૬૫૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૪૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૧ |
| મગ | ૭૦૧ | ૧૫૪૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૪૧ |
| અડદ | ૭૦૧ | ૧૨૫૧ |
| તુવેર | ૮૫૧ | ૧૪૪૬ |
| મગફળી | ૭૦૧ | ૧૩૨૬ |
| શિગફાડા | ૧૧૦૧ | ૧૫૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૨૧ |
| સોયાબીન | ૭૫૧ | ૧૦૨૬ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૭૦ | ૪૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૮ |
| અડદ | ૮૦૦ | ૧૩૫૫ |
| તુવેર | ૮૧૫ | ૧૪૮૫ |
| મઠ | ૨૦૦ | ૪૦૦ |
| વાલ | ૨૦૦ | ૪૦૦ |
| ચણા | ૯૭૫ | ૧૧૩૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૪૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૫૫ |
| મગફળી ૬૬ન | ૧૧૦૦ | ૧૫૦૦ |
| તલ | ૧૬૦૦ | ૧૭૭૫ |
| લસણ | ૧૦૨૫ | ૧૭૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૯૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૫૫૫ |
| અજમો | ૧૯૪૦ | ૫૧૦૦ |
| અજમાની ભુસી | ૩૦ | ૩૦૦૦ |
| મરચા | ૧૩૦૦ | ૬૪૧૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૫૦ |
| સોયાબીન | ૭૭૦ | ૧૦૨૮ |
| વટાણા | ૪૦૦ | ૬૫૦ |
| રાજમા | ૫૦૦ | ૧૧૪૫ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૧૮૦ | ૧૩૩૫ |
| શીંગ ૩૯ | ૧૨૪૦ | ૧૩૧૮ |
| શીંગ ગીરનાર | ૧૩૭૬ | ૧૩૭૬ |
| શીંગ જી-૨૦ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| શીંગ મગડી | ૧૫૯૩ | ૧૫૯૩ |
| જુવાર | ૨૩૦ | ૫૮૪ |
| બાજરી | ૩૫૧ | ૬૨૮ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૧૬ |
| મકાઈ | ૩૬૧ | ૩૬૧ |
| અડદ | ૫૭૦ | ૧૧૨૬ |
| મગ | ૮૦૦ | ૨૨૬૭ |
| સોયાબીન | ૭૦૦ | ૧૦૬૧ |
| ચણા | ૧૦૫૩ | ૧૦૫૩ |
| તલ સફેદ | ૧૭૭૦ | ૧૮૯૬ |
| તુવેર | ૧૩૫૨ | ૧૬૧૦ |
| જીરૂ | ૪૦૪૧ | ૪૨૦૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૩૬૨ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૩૬૮ |
| કપાસ શંકર | ૧૨૬૦ | ૧૫૫૧ |
| નાળીયેર | ૪૨૫ | ૨૩૪૮ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૧૧ | ૧૪૨૬ |
| મગફળી ૩૨ | ૧૨૦૦ | ૧૩૯૪ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૨૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૪૪ |
| અડદ | ૮૦૦ | ૧૫૦૫ |
| ચણા | ૮૫૦ | ૧૧૦૦ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૧૯૪૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૬૦૦૦ |
| સોયાબીન | ૯૮૧ | ૧૦૫૦ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬



06
**લાગે તો તીર :-** બોસ, હવે કાંઈક કરવું પડશે. આમને આમ આવી જિંદગી જાહે નઈ

# સોમનાથનું સ્વાભિમાન : મુનશી સાવ ભૂલાઈ ગયા

## બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા



સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવાઈ ગયું.

ગુજરાતના સોમનાથમાં સોમનાથ મહાદેવનું મંદિર મહાદેવનાં ૧૨ જ્યોતિર્લિંગમાં પહેલું જ્યોતિર્લિંગ ગણાય છે. મુસ્લિમ આક્રમણખોર મહમૂદ ગઝનવીએ ઈસવી સન ૧૦૨૬માં સોમનાથ મંદિરનો ધ્વંશ કરી નાખ્યો હતો. સોમનાથ મહાદેવ પરના પહેલા આક્રમણને ૧૦૦૦ વર્ષ પૂરા થયા એ નિમિત્તે સોમનાથ સ્વાભિમાન પર્વની ત્રણ દિવસની ઉજવણી સોમનાથમાં કરાઈ. ભગવાન સોમનાથના નામે કરાયેલી ઉજવણીમાં રાજકીય સ્વાર્થ ખાટવાની ભરપૂર કોશિશો પણ થઈ પણ એ વાત બાજુ પર મૂકીએ કેમ કે હિંદુઓ માટે ભગવાન સોમનાથ શ્રધ્ધાનો અને સાથે સાથે સ્વાભિમાનનો પણ વિષય છે જ.

સોમનાથમાં ભગવાન સોમનાથનું મંદિર મુસ્લિમ આક્રમણખોરોએ વારંવાર તોડ્યું અને મહાન હિન્દુ રાજાઓએ વારંવાર આ મંદિર બનાવ્યું. મોહમ્મદ ગઝનીથી માંડીને ઔરંગઝેબ સુધીના ધર્માંધ મુસ્લિમ આક્રમણખોરોએ સોમનાથ મંદિરનો નાશ કરીને તેના ગૌરવને ખંડિત કરવાનો પ્રયાસ કરેલો. આ આક્રમણો અને ધર્માંધતાનો નગ્ન નાચ આખી દુનિયાએ જોયેલો. સોમનાથ મંદિર પર થયેલાં આક્રમણો, લૂંટ અને મંદિર વિધ્વંશનો ઈતિહાસ ગઝનીથી માંડીને ઔરંગઝેબ સુધીના રાજાઓએ પોતે બહુ મોટી બહાદુરી કરી હોય એ રીતે લખ્યો છે.

આક્રમણખોરોએ સોમનાથ પર કુલ ૧૭ હુમલા કર્યા હોવાનું ઈતિહાસ કહે છે. આ પૈકી સૌથી મોટો હુમલો મહેમૂદ ગઝનવીએ કર્યો હતો. જેસલમેરના રસ્તે થઈને ગુજરાતના પાટણ અને ઉના પાસેના દેલવાડાના માર્ગે સોમનાથ પહોંચેલા ગઝનવીએ સોમનાથના ભવ્ય મંદિરનો ધ્વંસ કરીને હજારો નિર્દોષ લોકોની નિર્દયતાથી હત્યા કરી હતી. લગભગ ૨ કરોડ દિનારની કિંમતી સંપત્તિ લૂંટીને ગઝનવી અફઘાનિસ્તાન પાછો ફર્યો હતો. ધ્વંશ થયેલા મંદિરનો ફરી જીર્ણોધ્ધાર કરાયો પણ વારંવાર હુમલા થતા રહ્યા અને છેવટે ઔરંગઝેબે મંદિરના સ્થાને મસ્જિદ પણ ઉભી કરી પણ તેના કારણે હિન્દુઓની ભગવાન સોમનાથમાં રહેલી શ્રધ્ધાને ના ડગાવી શકાઈ.

આ આક્રમણો અને મંદિરના વિધ્વંશને અંતે ત્યાં આજે મસ્જિદ નહીં પણ મંદિર ઉભું છે. હિંદુઓ માટે તેનાથી વધારે ગર્વની વાત બીજી કોઈ ના હોઈ શકે.

■■■

જવાહરલાલ નહેરૂ સોમનાથ મંદિરના જીર્ણોધ્ધારના વિરોધી હતા એ ઈતિહાસ છે.

સરદાર પટેલે સોમનાથ મંદિરના જીર્ણોધ્ધારનો તખ્તો તૈયાર કરેલો પણ જવાહરલાલ નહેરૂ તેની વિરૂધ્ધ હતા. સેક્યુલારિઝમનું પિપૂડું વગાડતા નહેરુનું કહેવું હતું કે, સરકારે ધર્મનાં કામોથી દૂર રહેવું જોઈએ. નહેરૂએ એ માટે સરદાર પટેલને વારંવાર કહ્યું છતાં સરદારે ધરાર એ કામ હાથ પર લેવડાવેલું. સરદાર જીર્ણોધ્ધાર પહેલાં જ સ્વર્ગવાસી થયા પછી કનૈયાલાલ મુનશીએ જીર્ણોધ્ધારના કામને આગળ ધપાવ્યું. જવાહરલાલ નહેરૂએ તેની સામે નારાજગી બતાવેલી છતાં મુનશી ડગ્યા નહોતા. મરદની જેમ મુનશીએ જીર્ણોધ્ધારનું કામ પૂરું કર્યું.

મુનશીએ ૧૯૫૧માં મંદિરમાં જ્યોતિર્લિંગની સ્થાપનાની વિધી એટલે કે પ્રાણ પ્રતિષ્ઠા માટે રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદને નિમંત્રણ આપ્યું હતું. હિન્દુ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા માટે રાષ્ટ્રપતિ જશે તો મુસ્લિમો નારાજ થઈ જશે ને સેક્યુલારિઝમ અભડાઈ જશે તેવી માન્યતા ધરાવતા નહેરૂએ ડો. પ્રસાદને સોમનાથ આવવાની ના પાડેલી પણ ડો. પ્રસાદ પણ મરદ સાબિત થયા. નહેરૂની વાતને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખીને ડો. પ્રસાદે ધરાર સોમનાથ આવીને ૧૧ મે ૧૯૫૧ના રોજ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ડો. પ્રસાદ નહેરૂ કેબિનેટના બીજા પ્રધાનોને પણ લેતા આવેલા.

કમનસીબે અત્યારે કનૈયાલાલ મુનશી સાવ ભૂલાઈ ગયા છે. બાકી સરદારના નિધન પછી નહેરૂ સામે અસલી ઝીંક મુનશીએ ઝીલી હતી. મુનશીએ તેના વિશે લખ્યું પણ છે. મુનશી સોમનાથના પ્રોજેક્ટ સાથે પહેલેથી જોડાયેલા હતા. ઓક્ટોબર ૧૯૪૭માં મુનશી નવી દિલ્હીમાં સરદાર પટેલના ઘરે હતા ત્યારે શાહનવાઝ ભુટ્ટોએ જૂનાગઢનો કબજો લઈ લેવા ભારતીય લશ્કરને નિમંત્રણ મોકલ્યું હોવાના સમાચાર ટેલીફોન પર મળ્યા હતા. સરદારે એ વખતે કહેલું કે, છેવટે જય સોમનાથ થઈ ગયું.

સરદાર પટેલ નવેમ્બર ૧૯૪૭માં પ્રભાસ પાટણમાં સોમનાથ મંદિર ગયા ત્યારે જાહેર સભામાં જાહેર કરેલું કે, નવા વર્ષના આજના શુભ દિવસે અમે નક્કી કર્યું છે કે સોમનાથ મંદિરનું ફરી નિર્માણ કરાશે. સૌરાષ્ટ્રની પ્રજા યથાયોગ્ય ફાળો આપે. આ પવિત્ર કામ છે અને તેમાં દરેક વ્યક્તિ યોગદાન આપે. જામનગરના રાજવી દિગ્વિજયસિંહ જાડેજાએ ૧.૫૧ લાખ રૂપિયા અને નાનજી કાલીદાસ મહેતા સહિતના અનેક દાતાઓએ ઉદાર હાથે ફાળો આપ્યો હતો.

ગૃહ મંત્રાલયે આ કામ માટે સલાહકાર સમિતિ બનાવી તેના ચેરમેન તરીકે મુનશીની નિમણૂક કરી હતી. મુનશી અને જવાહરલાલ નહેરૂ વચ્ચે આ મુદ્દે ભારે સંઘર્ષ થયો પણ મુનશી સોમનાથ મહાદેવના ભવ્ય મંદિરનું નિર્માણ કરીને જ જંપ્યા. સરદાર પટેલનું સપનું મુનશીએ પૂરું કર્યું હતું.

નહેરૂ વિશે પણ એક વાત નોંધવા જેવી છે. મુનશી સાથેના આ ભારે સંઘર્ષનો નહેરૂએ કદી ખાર ના રાખ્યો. બલ્કે મુનશીને તેમણે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ બનાવ્યા હતા. નહેરુને હિંદુ વિરોધી અને ખલનાયક ચિતરનારા લોકો ભૂલી જાય છે કે, ૧૯૫૪માં અલાહાબાદના મહાકુંભ વખતે નહેરૂ મુનશીની સાથે જ ગંગા સ્નાન કરવા ગયા હતા અને મૃત્યુ પછી તેમનાં અસ્થિનું ગંગામાં જ વિસર્જન કરાયું હતું.

■■■

સરદાર પટેલે સોમનાથ મંદિરનો જીર્ણોધ્ધાર કેમ કરાવ્યો ?

સરદાર પટેલને હિંદુવાદી બનાવીને ભગવા રંગે રંગી દેવાની ફેશન ચાલી રહી છે તેથી સોમનાથ મહાદેવના મંદિરના જીર્ણોધ્ધારના સરદાર પટેલના અભિયાનને હિંદુત્વ સાથે જોડી દેવાય છે પણ વાસ્તવમાં સોમનાથનો જીર્ણોધ્ધાર સરદાર પટેલની મુત્સદીગીરીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સરદાર પટેલ હિંદુવાદી નહીં પણ સેક્યુલર હતા તેનો પણ પુરાવો છે. સોમનાથ મંદિરના જીર્ણોધ્ધાર પાછળ સરદાર પટેલનો ઈરાદો હિંદુ અને મુસ્લિમો વચ્ચે વિશ્વાસનો માહોલ પેદા કરવાનો હતો.

ભારતમાં આઝાદી વખતે કેવી સ્થિતી હતી એ કહેવાની જરૂર નથી. ભારતમાં મુસ્લિમોની ને પાકિસ્તાનમાં હિન્દુઓની કત્લેઆમ થઈ તેના કારણે હિંદુ-મુસ્લિમ એકબીજાના દુશ્મન થઈ ગયા હતા. આ માહોલમાં જૂનાગઢના નવાબે પાકિસ્તાનમાં ભળી જવાની મૂર્ખામીભરી જાહેરાત કરી તેના કારણે હિન્દુઓ ભડકેલા હતા. ગુજરાતમાં શાંતિ હતી અને હિંદુ-મુસ્લિમ સામસામે આવી નહોતાં ગયાં પણ જૂનાગઢના નવાબની પાકિસ્તાનમાં ભળવાની મૂર્ખામીના કારણે ગમે તે થઈ શકે તેમ હતું. ભાગલાના કારણે હિન્દુ-મુસ્લિમો એકબીજાના લોહીના પ્યાસા હતા ને તેમના વચ્ચે વિશ્વાસનો માહોલ સર્જવાની જરૂર હતી.

સરદાર પટેલ મહાન મુત્સદી હતા. તેથી તેમણે બંને કોમ વચ્ચે વિશ્વાસ સર્જવા સોમનાથ મંદિરની પસંદગી કરી અને સોમનાથ મંદિરના જીર્ણોધ્ધારની જાહેરાત કરાવી દીધી. અયોધ્યાનો વિવાદ ત્યારે પણ ચાલતો હતો પણ સરદાર પટેલે અયોધ્યાના બદલે સોમનાથની જ પસંદગી કરી કેમ કે સોમનાથ જૂનાગઢમાં હતું અને સોમનાથમાં વિવાદ વિના મંદિર નિર્માણ શક્ય હતું.

સોમનાથ મંદિર હિન્દુ ગર્વ સાથે જોડાયેલો મુદ્દો હતો. આ ગર્વનું પુનઃસ્થાપન થાય તો હિન્દુઓને સંતોષ થાય અને ગર્વનું પુનઃસ્થાપન કરવામાં મુસ્લિમો નિમિત્ત બને તો હિન્દુઓને મુસ્લિમો તરફ જે નફરત હતી તે ઓગળે. મુસ્લિમો ધર્માંધ નથી પણ હિન્દુઓની ધાર્મિક લાગણીની તેમને પણ કદર છે તેવો મેસેજ જાય એટલા માટે સરદારે સોમનાથ મંદિરના સ્થાને બંધાયેલી મસ્જિદ પરનો હક મુસ્લિમો સામેથી જતો કરે ને ત્યાં ભવ્ય મંદિરના નિર્માણ માટે પહેલ કરાવે એવો તખ્તો પોતે જ ગોઠવેલો. તેમની આ ચાલ સફળ પણ થઈ ને સોમનાથ મંદિરના સ્થાને ઉભેલી મસ્જિદ પાંચ માઈલ દૂર ઉઠાવીને લઈ જવાઈ તેમાં મુસ્લિમોનો સહકાર મળ્યો તેથી બંને કોમ વચ્ચે વિશ્વાસનો માહોલ પેદા થયો.

સરદાર પટેલે પોતાના પર હિન્દુવાદીનું લેબલ લાગે તેનું જોખમ ઉઠાવીને સોમનાથ મંદિરનું નિર્માણ કરાવડાવ્યું તેની પાછળ દેશમાં સંવાદિતાનો માહોલ જાળવવાની ગણતરી હતી. સરદાર એ રીતે વિચારતા કેમ કે સરદાર પટેલ દેશપ્રેમી હતા ને તેમનું રાજકારણ સત્તાલક્ષી નહોતું.

દેશનું અને લોકોનું જ હિત વિચારતા સરદાર પટેલના આ વિચારોને આપણે સમજવાની જરૂર છે. ■ sanjogpurti@gmail.com

# લાલો (૨૦૨૫) : એ હીરો છે કારણ કે એ હીરો નથી

## ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા




પહેલી નજરે જુઓ તો શ્રૂહદ ગોસ્વામી નામ પણ કંઈક અલગ છે. જ્યાં ત્યાં જોવા મળતું નામ નથી. રીવા નામ ભલે જાણીતું હોય પણ રાછ અટક જ્યાં ત્યાં જોવા મળતી નથી. રિવા રાછ કહો તો એ પણ એક્સક્લુઝિવ બની જાય. આ બંનેની જોડી માત્ર નામ પૂરતી એક્સક્લુઝિવ નથી એમનો અભિનય પણ એક્સક્લુઝિવ છે. બંનેની સ્ટાઈલ પણ એક્સક્લુઝિવ છે કારણ કે એમણે કોઈ સ્ટાઈલવેડા નથી કર્યા. બધું જ નોર્મલ નોર્મલ નોર્મલ. અને એટલે જ લાલો મૂવી એક્સ્ટ્રા-નોર્મલ બની છે. હા, કરણ જોશી એ એક ચિલાચાલુ નામ છે પરંતુ એનો અભિનય જરા પણ ચીલાચાલુ નથી. નહિતર અંકિત સખિયા દિગ્દર્શિત મૂવી 'લાલો : કૃષ્ણ સદા સહાયતે' જોતાં આમ કશું ન લાગે કે આમાં કશુંક નવીન છે. પણ નવીન એ છે કે કશિક નવીનતા લાવવાના નામે દિગ્દર્શકે સહજતા સાથે બાંધછોડ નથી કરી.

ફિલ્મ એક્સ્ટ્રા નોર્મલ એટલા માટે બની છે કે ફિલ્મનો હીરો જરા પણ એક્સ્ટ્રા નોર્મલ બનવાની કોશિશ કરતો નથી. અથવા તો દિગ્દર્શકે એને એવું કરવા દીધો નથી. લાલો એટલે બસ લાલો. આપણા કોઈપણ ગામમાં કોઈપણ શેરીમાં કે કોઈપણ શહેરની કોઈપણ ગલીમાં મળી જતો લાલો. અમિત સખિયાનો લાલો રીક્ષા ચલાવે છે. બીડી ફૂંક્યે રાખે છે. માવા-બાવા ખાય છે. દારૂના રવાડે પણ ચડેલો છે. માથે લેણું પણ છે. ઠેર ઠેર ઉછી-ઉધારા કરવાની એને ટેવ છે. રાત પડે ઘરે પહોંચશે કે નહીં પહોંચે એ પણ કંઈ નક્કી નથી હોતું એનું. ઘરે બાયડી સાથે પણ નાની નાની વાતમાં ડખા કરે છે. આ લાલો એ કોઈ ફિલ્મનું પાત્ર નથી પણ મારી અને તમારી ગલીમાં જોવા મળતું કોઈ જીવતું જાગતું પાત્ર છે. ફિલ્મના હીરોમાં જોવા મળતા કોઈ મહાન મહાન સદ્‌ગુણો લાલામાં નથી. ફિલ્મના હીરોમાં જોવા મળતી કોઈ મહાન ખાનદાની કે હિંમત પણ લાલામાં નથી. અને ફિલ્મ હિટ પણ એટલા માટે થઈ છે કે હીરોના ગુણો નહીં હોવા છતાં ફિલ્મ લેખકો (કૃશાંશ વાજા, વીકી પૂર્ણિમા, અંકિત સખિયા)એ લાલાને હીરો બનાવ્યો છે. હીરોના ગુણો આરોપીત કર્યા વગર હીરો બનાવ્યો છે.

ના, 'લાલો' એ 'શોલે' જેવી કોઈ અમર ફિલ્મ નથી કે જેને આજથી ૫૦ વર્ષ પછી પણ કોઈ યાદ કરશે. ઘણા બધા એન્ગલથી આ ફિલ્મ સામાન્યતામાં સરી પડે છે. પણ ફિલ્મ બોક્સ ઓફિસની દ્રષ્ટિએ અત્યાર સુધીમાં અનેક રેકોર્ડ તોડી ચૂકી છે અને ગુજરાતી ભાષામાં અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ચૂકી છે. ફિલ્મના ગુજરાતી અને હિન્દી એમ બંને વર્ઝન આ લખાય છે ત્યારે લગભગ સવાસો-સવાસો કરોડ કમાઈ ચૂક્યાં છે. અને હજી આવકના બંબુડા ચાલુ છે. આ સફળતાનું કારણ એટલું જ છે કે ગુજરાતી મૂવીમાં અને હિન્દીમાં પણ દર્શક વર્ષોથી રૂપ રૂપના અંબાર સમી હિરોઈન અને ગુણગુણના ભંડાર સમો હીરો જોઈને થાકી ચૂક્યો છે.

ફિલ્મ માત્ર એક લાલો નથી. બીજો પણ એક લાલો છે જેના બીજા હજાર નામ છે એવો લાલો. અર્થાત કૃષ્ણ ઉર્ફે કાનુડો. ફિલ્મમાં અસલ હીરો રિક્ષાવાળા લાલાને કહેવો કે પછી વાંસળીવાળા લાલાને કહેવો એ પણ નક્કી કરવું અઘરું બની જાય એવી કારીગરી ફિલ્મ લેખકોએ સર્જી દીધી છે. એ લાલામાં પણ અ-સામાન્ય પ્રકારની સામાન્યતા ભરીને તેને પણ આકર્ષક બનાવી દીધો છે. વર્ષોથી જેના ગુણગાન અને સ્તુતિઓ સાંભળી સાંભળીને આપણે થાકી ગયા છીએ એવો લાલો નથી. 'સંભવામિ યુગે યુગે' વાળા લાલાને પણ અહીં વાર્તાકારોએ નવો જ અવતાર આપ્યો છે. સામાન્ય લેખકો હોત તો આ લાલા પાસે ચમત્કારો કરાવીને એને થકવી નાખ્યો હોત. પણ એવું કશું બન્યું નથી એ જ ચમત્કાર છે.

ફિલ્મમાં 'જગતગુરુ' લાલાનો પ્રવેશ થાય તે પૂર્વે ફિલ્મ રિયાલિસ્ટિક લાગે છે પણ ત્યાર પછી આખી 'ય ફિલ્મ ફેન્ટસી બની જાય છે અને ફેન્ટાસ્ટિક પણ બની જાય છે.

ફિલ્મ એક મસ્ત મજાની ફિલ્મ છે. તમે હજી પણ આ ફિલ્મ જોઈ ન હોય તો એકવાર માણવા જેવી આ ફિલ્મ છે. અને જોઈ નાખી હોય તો મારા આ રિવ્યુના કેફમાં ફરી એકવાર જોઈ નાખવામાં પણ કંઈ ખોટું નથી. ફિલ્મના બંને લાલાઓ તેમજ આપણા પૃથ્વી પરના સાદા લાલાના મિત્રો, તેની પત્ની, માસી, સાસુ-સસરાઓ સહિત તમામ પાત્રો નિભાવનાર અભિનેતાઓ અભિનેત્રીઓ જાલીમ અભિનય આપી ગયા છે. કોઈમાં કંઈ ઘટે જ નહીં. બેકગ્રાઉન્ડમાં વાગતા ગીતો પણ સરસ છે. વાર્તા કથન સાથે મોટાભાગે એકરસ થઈ જાય છે તેમ છતાં તેમાં જોવા મળતી ઉપદેશાત્મકતા અને અમુક હિંટ મને ગમી નથી. સામાન્ય દર્શકને આકર્ષવા માટે આવું બધું જરૂરી લાગ્યું હશે એટલે દિગ્દર્શકે એ બધું કર્યું હશે. ફિલ્મનું શીર્ષક લાલો રાખ્યા પછી પેટા શીર્ષક 'કૃષ્ણ સદા સહાયતે' પણ સામાન્ય દર્શકને મૂવી સુધી લાવવાના કાવતરાના ભાગરૂપે જ ઠઠાડ્યું હશે. કારણ કે અમુક લોકો તો કૃષ્ણના નામથી જ ફિલ્મ જોવા જાય કે ચાલો ભાઈ આપણા કાનુડાનું કંઈક છે જોવા જઈએ. આ રીતે અમુક છાપેલા કાટલાં જેવું ઓડિયન્સ છાપી શકાય. પણ લિમિટ એ છે કે સબ-ટાઈટલના કારણે ફિલ્મ જોવાની મારી ૫૦% મજા ખતમ થઈ ચૂકી હતી. કારણ કે ચોરના ફાર્મહાઉસમાં ચોરી કરવા ગયેલો લાલો ફસાઈ ગયા પછી તેને સહાય કરવા માટે કૃષ્ણ ઉર્ફે લાલો આવવાનો જ છે અને તે સહાય કરવાનો જ છે એની પહેલેથી જ ખબર પડી જાય છે. કૃષ્ણનું નામ વટાવવાની લાલસા રોકીને ફિલ્મનું નામ માત્ર લાલો રાખ્યું હોત તો એ પણ કૃષ્ણનું જ નામ હતું અને એ બધાને સહાય કરે છે એની બધાને ખબર જ છે. ટાઈટલમાં કહેવાની જરૂર ન હતી. ટાઈટલમાં એ ન કહ્યું હોત તો ફિલ્મની આજે થઈ છે એના કરતાં કમાણી બમણી થઈ હોત. અંકિત સહિયર સખિયાને મારી હજી પણ એક સલાહ છે ગુજરાતીથી આગળ વધીને એનું હિન્દી વર્ઝન કર્યું છે, એમ અંગ્રેજી વર્ઝન પણ કરો અને તેનું ટાઈટલ માત્ર લાલો રાખો. લાલો... કરો. અંગ્રેજી ચાલશે કારણ કે ક્રિષ્ના હેલ્પ્સ્ ઓલવેઝ.. ■

naranbaraiya277@gmail.com

# નવ દાયકાથી અડીખમ કેળવણીકાર : ડો મફતભાઇ પટેલ

## સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)



ગામ કડાથી કેળવણીની નીવ રાખનાર ખેડૂત પરિવારમાં જેમનો ઉછેર થયો છે તેવા અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સ્થાપક પૂજ્ય ડો. મફતભાઈએ મકરસંક્રાંતિના દિવસે ૯૦ વર્ષ પૂર્ણ કરીને ૯૧ માં વર્ષમાં પ્રવેશ મેળવ્યો છે ત્યારે માતાજી પાસે એક જ પ્રાર્થના અને અરજ કે પૂજ્ય દાદુને સ્વસ્થ, મસ્ત અને તંદુરસ્ત રાખી શતાયુ ભવઃ થાય.

એક આદર્શ વિદ્યાર્થી, શિક્ષક અને અધ્યાપક તરીકે તેમની જીવન નૌકા સમાજના બૌદ્ધિક લોકો માટે પ્રેરણા સ્વરૂપ છે. ગૂજરાત વિદ્યાપીઠમાં પીએચડી થયા પછી સરસપુર કોલેજમાં કોલેજના અધ્યાપક અને ચિંતક, વિવેચક, લેખક અને સમાજસેવક તરીકે પોતાનું સમગ્ર જીવન કેળવણીની કેડીએ સતત વ્યતિત કરતા રહ્યા છે. પોતાની ઉંમર જેટલા પુસ્તકો લખ્યા. પુસ્તકોની પણ શતાબ્દી થવાની છે.

અમેરિકામાં ૨૭ વખત જઈને કેળવણીની વ્યથા અને કથા ભારતના શિક્ષણ પરિપેક્ષ્યમાં લાવવા સતત મથામણ અને ચિંતન કરતા રહ્યા છે. અચલા મેગેઝિનમાં સંપાદકીય કોલમમાં સીધું અને સટીક લખવું, સારી બાબતો હોય તો પ્રશંસા કરવી અને શિક્ષણની ત્રુટી દેખાય ત્યાં સરકારની પણ આલોચના કરવામાં દાદા ક્યારે પણ પાછા પડ્યા નથી. મનોવિજ્ઞાન અને હિન્દી જેવા વિષયમાં તેમની જબરજસ્ત માસ્ટરી રહી છે. દુનિયાના શિક્ષણ સાથે ભારતના શિક્ષણની તુલના કરવામાં તેમનો અભ્યાસ અતૂલ્ય છે. શિક્ષણ અને સમાજસેવા પૂજ્ય મફતદાદાના રસના વિષય છે. વિનોબા ભાવેના શબ્દોમાં કહીએ તો "સેવાહી ઉપાસના હૈ" આ બાબતને ચરિતાર્થ કરી રહ્યા છે. અમદાવાદ શહેરમાં ભારતીય જનતા પાર્ટીનો પાયો મજબૂત કરનાર પૂજ્ય મફતદાદા છે. મેમનગરમાં કોર્પોરેટર તરીકે જીતનાર સામેવાળાને ડિપોઝિટ ડુલ કરનાર પ્રજાવત્સલ નગર સેવક તરીકે લોકસેવાકીય પ્રવૃત્તિ થકી જીવન વ્યતીત કરનાર કેળવણીકાર છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પ્રમાણિકતા અને પારદર્શકતાથી પ્રાથમિક શાળાનો પાયો મજબૂત કરનાર જો કોઈ મર્દ અને કેળવણીકાર હોય તે સમયમાં પહેલું નામ પૂજ્ય મફતદાદાનું આવે છે. કોઈપણની શેહ-શરમમાં આવ્યા વિના અને નિયમ પ્રમાણેનું કામ હોય તો જ થાય તેવી તેમની છાપ હતી. અમદાવાદ જિલ્લાની તમામ શાળાઓની મુલાકાત લઈ પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત કરવા માટે તે સમયે તેઓએ જે પગલા ભર્યા અને શિક્ષકોને બાળકો પ્રત્યે લગાવ, સ્નેહ અને આત્મીયતા ઉભી કરવામાં દાદાનો અમૂલ્ય ફળો છે. શિક્ષણની સોનોગ્રાફી પુસ્તકમાં શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે જે કાર્યો કર્યા છે તે કંડારેલ છે. દાદા એક વ્યક્તિ તરીકે નહીં પરંતુ એક કેળવણીની મશાલ લઈને જીવતું જાગતું વ્યક્તિત્વ છે.

બે દાયકાથી અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા શ્રેષ્ઠ શિક્ષકો, શ્રેષ્ઠ અધ્યાપકો અને શ્રેષ્ઠ સારસ્વતોને સન્માનિત સાથે પુરસ્કાર આપવા અને આવેલ તમામ લોકોને અદ્‌ભુત ભોજન સાથે નિઃશુલ્ક વ્યવસ્થા કરનાર જો કોઈ હોય તો તે પૂજ્ય મફતદાદા છે. ૯૦ વર્ષ પૂર્ણ થયા તે પૂર્વે તેમણે જે પ્રવચન આપેલું કે, 'આ જીવન પ્રભુની પ્રસાદી છે. થાય એટલી સેવા કરવી, લક્ષ્મીનો બહુ મોહ રાખવો નહીં. આપવાથી વધે છે. ખુશ રહેવું, બીજાને મદદ કરવી.' રવિશંકર મહારાજના શબ્દોમાં કહીએ તો 'ઘસાઈને ઉજળા' થવું તેવી ભાવના તેમને વ્યક્ત કરેલી. હું એટલા માટે સ્વસ્થ છું કે લોકો વચ્ચે રહું છું. લોકોના કામ કરું છું. લક્ષ્મી રાખતો નથી જે લક્ષ્મી આવે છે તે વિધવા અને ગરીબ બાળકોના હિતાર્થે વાપરી નાખું છું. નવું પેન્શન આવે તે પૂર્વે મારી પાસે કોઈ દિવસ પૈસો હોતો નથી. પરંતુ મારા દીકરા સંજયભાઈ અને દીકરી અનારબેન અને જમાઈ જયેશકુમાર અને પૌત્ર ધર્મ અને તેની વાઈફ દાદાની અદ્‌ભુત સેવા કરે છે. કોઈ દિવસ તકલીફ પડવા દેતા નથી. દાદાનો સેવાભાવી સ્વભાવ અને પ્રભાવ અનેક લોકોના હ્રદયમાં ધબકે છે. આ અલગારી દાદુ આ પૃથ્વી ઉપરના મહાત્મા અને સંત છે. આવા વ્યક્તિ કેળવણીની અને સમાજની સાચી પ્રતિભા છે. પૂજ્ય ડૉ. મફતદાદા સો વર્ષના થાય તેવી માઁ અંબાને પ્રાર્થના કરું છું. આટલી ઉંમરે આફતો વચ્ચે અવસર ઉભો કરવો હોય અને નવીતતા અને નિજાનંદ સ્વરૂપ શીખવું હોય તો મફતદાદા સૌના માટે પ્રેરણામૂર્તિ છે. જન્મદિવસે મફતદાદાની લોકચાહના અને તેમના શુભચિંતકો તેમની તાકાત તરીકે ઉભરી રહ્યા છે..કોટી કોટી ચરણ વંદના પૂજ્ય ડો.મફતદાદુને.... ■ Mo.9825702282

# શિયાળાની પૌષ્ટિક વાનગી



**અળદની દાળ બનાવવાની સરળ રીત**

સામગ્રી:

- અળદની દાળ–૧ કપ
- પાણી–૩ કપ
- હળદર– ½ ચમચી
- મીઠું– સ્વાદ પ્રમાણે

**વઘાર માટે:**

- ઘી અથવા તેલ–૨ ચમચી
- રાઈ–½ ચમચી
- જીરું–½ ચમચી
- સૂકા લાલ મરચાં–૧–૨ (તોડેલા)
- હીંગ–ચપટી
- લસણ–૪–૫ કળી (ઈચ્છા મુજબ)
- લીલા મરચાં–૧ (ઈચ્છા મુજબ)
- કરી પત્તા–૬–૭

oooooooooooooooooooooooooooooooooooooooo

**બનાવવાની રીત:**

૧. દાળ ધોવો: અળદની દાળને સારી રીતે ધોઈ લો.
૨. ઉકાળો: કુકરમાં દાળ, પાણી, હળદર અને મીઠું નાખી ૩–૪ સીટી આવે ત્યાં સુધી ઉકાળો.
૩. મસળો: દાળ ઠંડી થાય પછી સારી રીતે મસળી લો.
૪. વઘાર બનાવો: કડાઈમાં ઘી/તેલ ગરમ કરો. તેમાં રાઈ, જીરું, હીંગ, સૂકા લાલ મરચાં, લસણ, લીલા મરચાં અને કરી પત્તા નાખો.
૫. દાળમાં ઉમેરો: તૈયાર વઘાર દાળમાં નાખી ઉકાળો. જરૂર હોય તો થોડું પાણી ઉમેરો.
૬. પીરસો: ગરમા-ગરમ અળદની દાળભાત કે રોટલી સાથ પીરસો.

**ખાસ ટીપ્સ:**

- ખટાશ માટે થોડું આમચૂર અથવા લીંબુનો રસ ઉમેરી શકો.
- વધુ સ્વાદ માટે અંતમાં થોડું ઘી ઉપરથી નાખો.
- ગુજરાતીને ગમતી મીઠી દાળ માટે ચપટી ગોળ ઉમેરી શકો.

**ઘઉંના લાડવા બનાવવાની પરંપરાગત રીત**

**સામગ્રી:**

- ઘઉંનો લોટ–૨ કપ
- દેશી ઘી–¾ કપ
- ગોળ (ખમણેલો) –૧ કપ
- એલચી પાવડર–½ ચમચી
- સૂકામેવાં (કાજુ, બદામ, કિસમિસ) –¼ કપ (વૈકલ્પિક)

oooooooooooooooooooooooooooooooooooooooo

**બનાવવાની રીત:**

**૧. લોટ શેકવો:**
કડાઈમાં ઘી ગરમ કરો. તેમાં ઘઉંનો લોટ નાખી મધ્યમ તાપે સતત હલાવતા રહો. લોટ સુવર્ણ રંગનો થાય અને સુગંધ આવે ત્યાં સુધી શેકો.

**૨. ઠંડુ થવા દો:**
લોટને ગેસ પરથી ઉતારી હળવો ગરમ રહે ત્યાં સુધી ઠંડો થવા દો.

**૩. ગોળ ઉમેરો:**
હવે તેમાં ખમણેલો ગોળ અને એલચી પાવડર ઉમેરો. સારી રીતે મિક્સ કરો.

**૪. મેવાં ઉમેરો:**
સૂકામેવાં ઉમેરીને ફરી મિક્સ કરો.

૫. લાડવા બાંધો:
મિશ્રણમાંથી થોડું લઈ હાથથી દબાવી ગોળ લાડવા બાંધી લો.

oooooooooooooooooooooooooooooooooooooooo

**ખાસ ટીપ્સ:**

- લોટ વધારે ઠંડો થઈ જાય તો લાડવા બાંધવામાં મુશ્કેલી પડશે.
- ગોળ બહુ ગરમ લોટમાં ન નાખશો, નહીં તો પીગળી જશે.
- લાંબા સમય સુધી રાખવા હોય તો એરટાઈટ ડબ્બામાં સંગ્રહ કરો.

**મેથીપાક બનાવવાની પરંપરાગત રીત**

**સામગ્રી:**

- મેથીના દાણા–½ કપ
- ઘઉંનો લોટ–૧ કપ
- દેશી ઘી–૧ કપ
- ગોળ (ખમણેલો) –૧½ કપ
- દૂધ–½ કપ
- એલચી પાવડર–½ ચમચી
- સૂંઠ પાવડર–½ ચમચી
- જાયફળ પાવડર–ચપટી
- સૂકામેવાં (કાજુ, બદામ) –¼ કપ (ઈચ્છા મુજબ)

oooooooooooooooooooooooooooooooooooooooo

**બનાવવાની રીત:**




વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

**૧. મેથી તૈયાર કરો:**
મેથીના દાણા ૬–૮ કલાક પલાળી રાખો. પછી પાણી કાઢી હળવા ક્રિસ્પી થાય ત્યાં સુધી તળી લો. ઠંડા થયા પછી દરદરા પીસી લો.

**૨. લોટ શેકવો:**
કડાઈમાં ½ કપ ઘી ગરમ કરી ઘઉંનો લોટ ધીમી આંચે સુવર્ણ રંગનો થાય ત્યાં સુધી શેકો. (ક્રમશ:)

hemangidmehta@gmail.com

# બોસ, હવે કાંઈક કરવું પડશે. આમને આમ આવી જિંદગી જાહે નઈ




બકો ઢીલો ઢફ (પંચર થઈ ગયેલાં ટાયર જેવો) બોસ પાંહે આવીને બોલ્યો.

"બોસ, હવે કાંઈક કરવું પડશે. આમને આમ આવી જિંદગી જાહે નઈ."

"અરે બકા! આમ હરેરી કાં ગયો. શું થયું? અને હવે આ ઉંમરે તારે શું કરવું છે? વાંઢા કેટ- કેટલાં 'ય એમને એમ આંટા-ફેરા મારે છે, અને તારે એક હોવા છતાંય બીજું કરવું છે??"

"અરે બોસ, એકનું 'ય માંડ માંડ પુરુ થાય છે એમાં બીજું કરીને હું શું કરીશ ! "

"તો પછી તે કહ્યું ને કે આવી જિંદગી હવે નહીં જાય."

"એ તો ખેતરમાં કાંઈ વળતું નથી. વળે તો ભાવ આવતો નથી. ભાવનો લાભ હંધાય વચેટિયા ખાય જાય છે એટલે કાંઈક બીજું કરવું પડશે."

"હા તો બોલને તારે શું કરવું છે? અને તારી પાંહે મૂડી કેટલી છે?"

"મૂડીમાં તો બોસ, હું પોતે, મારી ઘરવાળી અને ચાર પાંચ છોકરાઓ છે. પણ, હમણાં હમણાં જ આપણા વડાપ્રધાન રાજકોટ આવીને ગયા. હજારો કરોડના એમ.ઓ.યુ. (ઈ જ કહેવાય ને !!?) થયા. એમાંથી તમે થોડી-ઘણી લાગવગ લગાવીને બે ચાર લાખનું નહીં કરાવી દો ?"

"બકા, ઈ હંધીય હાલ કાગળ પરની વાતું કહેવાય. અને ન્યાં લગણ આપણી પહોંચ ટૂંકી પડે. મતલબ! હારા હારાની પહોંચે 'ય ટૂંકી પડે. "



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"તો પછી તમે કહો કે, હારો ધંધો કયો છે?"

"એટલે તો પેલા પૈસાનું પુછ્યું કે, કેટલીક સગવડ છે? ઈ પ્રમાણે ધંધો કરાય."

"એટલે શું પૈસા વગરના ધંધો નહીં કરતાં હોય? પૈસા વગરનો ધંધો નહીં હોય?"

"છે છે, પૈસા વગરના ધંધાય છે. પણ.."

"પણને બણ!! ધંધો કરવામાં શું શરમ? આજકાલ ઘણાંય પૈસા માટે નો કરવાનો ધંધો 'ય કરે છે. તો પછી આપણે તો કાયદેસરનો ધંધો કરવો છે, એમાં વળી શેની શરમ!?"

"તો પછી હાંભળ, પેલો ધંધો ઈ કે સાધુ થાવું."

"બોસ, તમે મજાક કરો છો? સાધુ થાવું ઈ ધંધો કહેવાય?"

"બકા..આ, આજકાલ ઘણાં 'ય આવો બિઝનેસ કરે છે. અને રોકાણ વગરનો ધંધો. વધારામાં વકરો એટલો નફો. નો જી.એસ.ટી. નડે, નો ઈન્કમટેકસ અને વધારામાં વાહવાહી મળે."

"પણ, એમાં 'ય કેટલાંક નિયમો તો પાળવા પડતાં હશે ને?"

"હા, કેટલાંક નિયમો આવે છે. કેટલાંક પાળેય છે અને કેટલાંક ઉલાળીયો 'ય કરે છે. પણ હા, દેખાડવા પડે હોં."

"આનાથી હેલો ધંધો મતલબ રસ્તો ખરો?"

"બકા તારે મફતમાં કેટલુંક હેલુ કરવું છે? જરાક તો ઉપરવાળાનો ડર રાખ."

"ઈ લોકો રાખે છે? "

"એને તો ઠેઠ ઉપરની ઓળખાણ હોય. તને અને મને તો નીચે 'ય માંડ માંડ કો'ક ઓળખે છે."

"બોસ, મને હજીય એક ધંધો ધ્યાનમાં છે."

"કયો ધંધો? મને 'ય કહે. હવે આ બોસગીરીમાં કાંઈ વળતર નથી રહ્યું."

"બાવા બનવાનું."

"બાવા બનવાનું? તો પછી આ બૈરા છોકરાઓને ક્યાં મૂકવાના? એમનું કોણ"

"એમાં હંધાય હાલે બોસ."

"હું કાંઈ હમજયો નહીં બકા. બાવા બને તો પછી, બૈરાને છોકરાઓ ત્યાં શું કરે? "

"એ હંધાય માર્કેટિંગ કરે. ધંધો કરવો હોય તો જાહેરાત તો કરવી પડે ને!! એ લોકો માર્કેટિંગ કરીને ભોળા પણ પૈસાવાળા બકરાઓ સોરી સોરી ! ગ્રાહકો મતલબ ચેલા અને ચેલકીઓ ગોતી લાવશે અને આપણે એનું (આપણું) દુ:ખ દૂર કરીશું."

"કેવો લાગ્યો મારો આઈડિયા!??"

"બકા, આવા બાવા તો ગામે-ગામ અને શેરીએ-શેરીએ રખડે છે. એનું કોઈ ભાવે 'ય પુછતું નથી. હવે તો કૂતરા 'ય ભહતા નથી. એણેય મિટિંગ કરીને એકતા કરી લીધી છે. 'જો આપણે એક નહીં થઈએ તો આવનારો સમય આપણા વંશવેલાનું હદામૂળ કાઢવા સુપ્રીમ કોર્ટે તૈયાર છે.' એટલે ઠરાવ પસાર કરીને બાવાઓને કે બીજાને વગર કારણે ભહીને એનર્જી ઓછી કરવાનું કારણ નથી.( આપણે માણહ નથી, એટલું યાદ રાખજો.) અને સુધારો કરી નાખજો. એટલે ઈ બાવા બનવાના ધંધામાં તો મને લાગે છે કે, જાજા પાપડ વણવા પડે એવું છે. અને હાલી હાલીને ટાંટિયા તોડી નાખવા પડે. અને હવે કોઈ કુંભમેળાના નામે ફદિયું 'ય આપતા નથી. ઉલટાના સલાહ આપે છે કે, હટ્ટા-કટ્ટા છો તો ભીખ માંગવા કરતાં કામ-ધંધો કરતાં હો તો..!!

તું જે કર ઈ જોઈ વિચારીને કરજે."

"બોસ, મેં બધું જ વિચારી લીધું છે. તમે ઉપરનો ફોટો જોયો નહીં??"

"ઈ ફોટામાં વળી શું છે?"

"ઈ ફોટા વાળી ગાડી હારે સેલ્ફી લેવા હારા હારા માણસો લાઈન લગાવે છે."

"ગાડી તો મોંઘી લાગે છે. કેટલાંની હશે?"

"બોસ..! આ ગાડી રૂપિયા ત્રણ કરોડ કરતાં 'ય વધારે કિંમતની છે."

"તો તો.., ખૂબ પૈસાદાર ઉદ્યોગપતિની ગાડી હશે."

"બોસ..! ન્યાં જ તમે ભૂલ કરો છો. આ ગાડી સતુઆ બાબાની છે અને આવી ગાડીઓની તો એમની પાંહે લાઈન લાગેલી છે."

"સતુઆ બાબા ? ઈ વળી કોણ?"

"ઉત્તર પ્રદેશમાં હાલમાં જ પ્રયાગરાજમાં માઘ મેળો હતો. ન્યાં આ બાબા સંતોષ દાસ ઉર્ફે સતુઆ બાબા આ મોંઘી કાર લયને આવ્યા હતા. લોકો ગાડી જોવા માટે 'ય પડાપડી કરતા હતા. હવે તમે જ કહો.. મારો વી.આઈ.પી. બાવા બનવાનો આઈડિયો કેવો લાગ્યો!??"

kalubhaibhad123@gmail.com

# માનસિક શાંતિ – આજની પ્રથમ જરૂરિયાત



માનસિક શાંતિ માટે તંદુરસ્ત શરીર અને આર્થિક સદ્ધરતા જ અનિવાર્ય નથી. ઉલટું, આ બંને હોવા છતાં ઘણા માણસો સતત માનસિક અશાંતિમાં જીવતા જોવા મળે છે. તમે આ કક્ષામાં આવો છો? જો 'હા' હોય તો આ વાંચો:



જીવન તરંગ
જયસ્વી
પટેલ

માનવીની માનસિક અશાંતિનું કારણ માનવીનું મન જ હોય છે. ઘણીવાર એવું બને છે કે આપણી માનસિક અશાંતિ આપણે જાતે જ ઊભી કરેલી હોય છે. તેથી આપણી માનસિક અશાંતિને આપણે જાતે જ દૂર કરવા શક્તિમાન બનવું પડે. કેવી રીતે? ચાલો જોઈએ:

**૧. મતને (મનને) સુધારો:** તમારી આસપાસની પરિસ્થિતિ ભલે તમારી શાંતિમાં ખલેલ પહોંચાડનારી હોય, ભલે તેનાથી તમે કંટાળી ગયા હોવ, તો પણ તમારી પરિસ્થિતિ બદલવાનો પ્રયત્ન ન કરશો. આમ કરવાને બદલે તમે તમારા મતને (મનને) સુધારો, વધુ શુદ્ધ કરો. આમ કરશો તો તમારી પ્રતિકૂળ પરિસ્થિતિ આડકતરી રીતે પલટો લેશે. વિચારમાં મહત્વનો સુધારો થશે અને પરિસ્થિતિ વધુ સાનુકૂળ અને સુમેળભરી બનતી જશે. તમે તમારી જાતને સુધારવા તૈયાર થઈ જાવ.

**૨. શાંત રહો:** કોઈ તમારું અપમાન કરે, લાગણીઓ દૂભવે કે હેરાન-પરેશાન કરે એટલે સ્વાભાવિક જ ગુસ્સો આવે પણ તમે ગુસ્સો ન કરશો. પરિસ્થિતિનો સામનો ગુસ્સો કર્યા વગર, શાંતિથી પણ કરી શકાય છે. સંજોગો પર સિદ્ધિ મેળવવાનું પ્રશાંતિ જેટલું શક્તિશાળી સાધન બીજું કોઈ નથી. બીજાઓને તમારા વિશે જે ધારવું હોય તે ધારે, બોલવું હોય તે બોલે, અપમાન કરે તો પણ તમે તો શાંત જ રહો. આ દુનિયા અજ્ઞાની લોકોથી ભરેલી છે, તમે શાણા બનજો, સૌ પ્રત્યે નમ્રતા રાખજો અને વિનમ્ર રહીને શાંતિથી જ આગળ વધી શકાશે.

**૩. ચિંતા ન કરો:** તમારા ભૂતકાળના અનુભવોમાંથી બોધપાઠ ગ્રહણ કરો, તેને વારંવાર યાદ કરો. તે બોધપાઠમાંથી ભાવિ કાર્યો માટે માર્ગદર્શન મેળવો, પણ ભૂતકાળના અનુભવો પર આંસુ ન સારશો. ખોટી ચિંતા કરવી એ સમય અને શક્તિનો દુર્વ્યય છે, કેમકે ચિંતા સમય બગાડે છે અને શક્તિઓને હણી નાખે છે. સરવાળે શૂન્ય. ચિંતા કર્યા વગર સમસ્યામાંથી માર્ગ કાઢવાની કોશિશમાં લાગી જશો તો સફળતા મળશે, પ્રસન્નતા આવશે ને ચિંતા આપોઆપ ટળી જશે.

**૪. લાલચ છોડો:** કોઈપણ પ્રકારની લાલચથી દૂર જ રહો. જો લાલચમાં ફસાશો તો તમારી ઈચ્છાઓ પર વિજય નહીં મેળવી શકો. કદાચ લાલચનો સામનો કરવામાં સફળ થશો તોય મનમાં લાલચ રહી જશે, જે અશાંતિ પેદા કરશે. લાલચ ભયંકર મુશ્કેલીમાં મૂકી શકે છે, એટલે લાલચમાં ન ફસાશો.

**૫. જીવ ન બાળો:** નજીવી બાબતો પર સમય, શક્તિ કે જીવ વેડફી નાખવાનું પરવડે જ નહીં. તેવી નજીવી કે વ્યર્થ બાબતો પર કદી જીવ ન બાળો. આ ટેવ (જો હોય તો) માંથી ઝટ મુક્ત થઈ જાવ. એ માટે ગમતી પ્રવૃત્તિ-કાર્યમાં પરોવાઈ જાવ એટલે પેલી ટેવ છૂટી જશે.

**૬. પારકી પંચાત છોડો:** તમે અવારનવાર અન્યની વાતોમાં માથું મારો છો? અન્યની ચર્ચા ઘરમાં કે અન્યની સાથે કરો છો? કદાચ બીજા ખોટા પણ હોય, તેથી તમારે અશાંત, અસ્વસ્થ બની જવાની જરૂર નથી. કોઈની ટીકા કે નિંદા કરવાની જરૂર નથી. જે પળે તમારી માનસિક શાંતિની કિંમત વધારે છે, તમારા કાર્યોને પહોંચી વળવા માટે અન્યની પંચાત કરીને તમારો અને બીજાનો સમય ન બગાડો.

**૭. કડવો ઘૂંટડો ગળી જવો:** જો કોઈ વ્યક્તિએ તમારું અપમાન કર્યું હોય કે તમારી લાગણી દૂભવી હોય તો પણ તેના પ્રત્યે દુર્ભાવના ન જન્માવશો. તેની ભૂલોને માફ કરો, કેમકે માનસિક શાંતિ જાળવી રાખવા માટે એ જરૂરી છે. વળી, એવી વાતોને વારંવાર યાદ ન કરો, નહીંતર તમારી માનસિક શાંતિ હણાયા વગર રહેશે નહીં.

**૮. ઈર્ષ્યા ન કરો:** ઈર્ષ્યા એ માનસિક શાંતિમાં ખલેલ પાડીને મન-મૂડને ડિસ્ટર્બ કરી મૂકે છે. ઈર્ષ્યા તમને હરીફાઈમાં મૂકીને બરબાદ પણ કરી શકે છે. તમને ઊંચે આવતા દુનિયાની કોઈપણ તાકાત તમને રોકી શકવાની નથી. દરેક મનુષ્યના જીવનચક્રમાં તેના પ્રારબ્ધની જ સત્તા ચાલે છે. તેથી કોઈપણ ઈર્ષ્યા કર્યા વગર, તમે તમારું જ ચિત્ત ચોંટાડી આગળ વધો.

**૯. સહનશક્તિ કેળવો:** જે પરિસ્થિતિ, સંજોગો કે સમસ્યા આવે તે સહન કરતાં શીખો. જો નબળો સમય જશે નહીં, તમે સહન કરશો તો જ છૂટશો. વહેલી સવારથી મોડી રાત સુધીમાં ભલેને અસંખ્ય પ્રતિકૂળતાઓ, દુ:ખો કે મૂંઝવણો આવે, તમે હસતે મોંઢે સહન કરી લો. આથી તમારી ધીરજ વધશે અને આંતરિક બળ વધશે. પરિણામે ઈચ્છાશક્તિ મજબૂત બનશે, જે ગેરલાભનેય લાભમાં ફેરવી શકશો અને પ્રતિકૂળતાઓને સાનુકૂળ બનાવી શકશો.

**૧૦. ફરજ ન ચૂકો:** ક્યારેય જવાબદારીથી દૂર ન ભાગો, ફરજ ન ચૂકો. નહીંતર માનસિક શાંતિ હણાવા લાગશે. તમારામાં રહેલી તાકાત વડે જવાબદારીઓનો સામનો કરો. (એનો મતલબ એવો પણ નથી કે તમે તમારો અહમ્ સંતોષવા ખોટા નવી-નવી જવાબદારીઓનો બોજો માથે ઉઠાવો). ફરજ અદા કર્યાનો અને ફરજ બજાવ્યાનો સંતોષ જ માનસિક શાંતિ આપશે.

**૧૧. મનને પ્રવૃત્ત રાખો:** તમારા મનને નવરું ન પડવા દો. તમે તંદુરસ્ત વાંચન, જપ, પ્રાર્થના, મનોરંજન, રમત, સંગીતમાં પરોવાયેલું રાખો. કેમ કે નવરું મન એ જ સઘળી આફતની શરૂઆત છે.

sanjogpurti@gmail.com

# ફુગ્ગા સાથે સવારી !



એક સુંદર બગીચામાં 'ચીંચીં' નામની એક નાનકડી ખિસકોલી રહેતી હતી. ચીંચીં બહુ જ તોફાની અને રમતિયાળ હતી. તેને એક લાંબી અને રૂવાંટીવાળી પૂંછડી હતી. જ્યારે તે દોડે ત્યારે તેની પૂંછડી હવામાં લહેરાતી!

એક દિવસ ચીંચીં બગીચામાં રમતી હતી. રમતાં રમતાં તેને એક લાલ રંગનો મોટો ફુગ્ગો જડ્યો. ચીંચીંએ આ પહેલાં ક્યારેય આવો ગોળ-ગોળ મોટો લાલ રંગનો ફુગ્ગો જોયો નહોતો. ચીંચીંએ તેને પકડવાની કોશિશ કરી, પણ ફુગ્ગો તો હવામાં થોડો ઊડયો. ચીંચીં ખિસકોલીને ફુગ્ગા સાથે બહુ મજા પડી! તેણે ફુગ્ગાના દોરાને પોતાના મોઢામાં પકડી લીધો. અચાનક પવનનો એક જોરદાર ઝપાટો આવ્યો અને ફુગ્ગો હવામાં ઊડવા લાગ્યો! ચીંચીં પણ ફુગ્ગાની સાથે હવામાં લટકાઈ ગઈ.



રે વાર્તા!
મનીષ સુથાર

બગીચાના બીજા પ્રાણીઓ તો જોઈ જ રહયા! કાગડાભાઈ બોલ્યા, 'અરે ચીંચીં, તું તો વિમાન બની ગઈ!' ચીંચીંએ હવામાં ઊડતાં ઊડતાં બોલી:

'પૂંછડી મારી પટ-પટ-પટ,
હું તો ઊડું ઝટ-પટ-ઝટ!
ફુગ્ગા સાથે ઊડતી હું,
આભે સવારી કરતી હું!'

થોડી વાર પછી ફુગ્ગો એક ગુલાબના છોડ પાસે પહોંચ્યો. ગુલાબના છોડ પર નાના કાંટા હતા. જેવો ફુગ્ગો કાંટાને અડ્યો કે તરત જ અવાજ આવ્યો- 'ફટાક.. ફટ્ટ!' ફુગ્ગો ફૂટી ગયો અને ચીંચીં ખિસકોલી સીધી જઈને માળી કાકાના પાણીના ટબમાં પડી! 'છબ્બ...' કરતા પાણીના ઉછાળા ઊડ્યા. ચીંચીં આખી પલળી ગઈ. તેની લાંબી પૂંછડી તો ભીની થઈને પાતળી થઈ ગઈ!

બગીચાના બધા પક્ષીઓ ખડખડાટ હસવા લાગ્યા. ચીંચીં બહાર આવીને પોતાની પૂંછડી ખંખેરવા લાગી. તેણે જોયું કે તેની પૂંછડીમાંથી પાણીના ટીપાં ઊડે છે, એટલે તે ગોળ-ગોળ ફરવા લાગી. તેને જોઈને એવું લાગતું હતું કે જાણે તે નાચી રહી હોય! ચીંચીં ફરીથી હસીને ગાવા લાગી:

'ફુગ્ગો ફૂટ્યો ફટ-ફટ-ફટ,
પાણી ઊડ્યું ચટ-પટ-ચટ!
પૂંછડી મારી ભીની-ભીની,
હું ખિસકોલી નાની-નાની!'

થોડીવારમાં એની પૂંછડી સૂકાઈ ગઈ અને ફરી પાછી ચીંચી ઝાડ પર ચડીને રમવા અને દોડવા લાગી.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ૨૫૦૦ કલાકારો પ્રદર્શન કરવા તૈયાર

નવીદિલ્હી,તા.૨૦




પ્રજાસત્તાક દિવસની પરેડ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ૭૭મા પ્રજાસત્તાક દિવસની પરેડ દરમિયાન ભારતના વિવિધ નૃત્ય સ્વરૂપોનું પ્રતિનિધિત્વ કરતા આશરે ૨,૫૦૦ કલાકારોનું એક મોટું જૂથ "દર્વદ્વૈત" પરફોર્મ કરવા માટે તૈયાર છે, જેની થીમ "વંદે માતરમ" ની ૧૫૦મી વર્ષગાંઠ છે. આ પ્રદર્શનનો મુખ્ય વિષય "વંદે માતરમ - સ્વતંત્રતાનો મંત્ર" અને "વિકાસ ભારત - સમૃદ્ધિનો મંત્ર" હશે.સર્જનાત્મક ટીમમાં સંગીત દિગ્દર્શક તરીકે એમ.એમ. કીરવાણી, ગીતકાર તરીકે સુભાષ સેહગલ, પ્રસ્તુતકર્તા તરીકે અનુપમ ખેર અને કોરિયોગ્રાફર તરીકે સંતોષ નાયરનો સમાવેશ થાય છે. બ્લોકબસ્ટર ફિલ્મ આરઆરઆર ના તેમના ગીત "નાટુ નાટુ" ને શ્રેષ્ઠ મૂળ ગીત શ્રેણીમાં ૨૦૨૩ નો ઓસ્કાર મળ્યો ત્યારે કીરવાણીને ખાસ ઓળખ મળી. સંરક્ષણ મંત્રાલયે ગયા શુક્રવારે પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી કે કીરવાણી સાંસ્કૃતિક પ્રદર્શન માટે સર્જનાત્મક ટીમનો ભાગ છે, જે ૨૬ જાન્યુઆરીએ ઔપચારિક રીતે રજૂ કરવામાં આવશે.

# યુએઈના રાષ્ટ્રપતિ અને પીએમ મોદી વચ્ચે કરાર: ધોલેરાના વિકાસમાં ભાગીદારી

નવીદિલ્હી,તા.૨૦



સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહંમદ બિન જાયદ અલ નાહયાન ભારતની ઉડતી મુલાકાતે આવ્યા હતા. માત્ર ૩ કલાકની મુલાકાતમાં તેઓ બંને દેશો વચ્ચો સંબંધોને નવી દિશા આપી છે. આ મુલાકાત દરમિયાન બંને દેશોએ રક્ષા, અંતરિક્ષ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં મહત્વના કરાર કર્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને યુએઇના રાષ્ટ્રપતિ શેખ મોહંમદ બિન જાયદ નાહયાને દિલ્હીમાં થયેલી દ્વિપક્ષીય વાર્તામાં બંને દેશોના રાજકીય રક્ષા કરાર, અંતરિક્ષ કરાર અને ઉર્જા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં કરાર કર્યા છે. ત્રીજું સૌથી મોટો કરાર ગુજરાતના ધોલેરાને લઈને કરવામાં આવ્યો છે. વિદેશ સચિવે આ ઈવેન્ટને મેગા પાર્ટનરશિપ ગણાવી હતી. જે અંતર્ગત યુએઈ ગુજરાતના ધોલેરામાં બની રહેલા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીઝનના વિકાસમાં ભાગીદાર બનશે. આ કરાર બાદ ધોલેરામાં ઈન્ટરનેશનલ એરોપ્રટ, પાયલટ ટ્રેનિંગ સ્કૂલ, વિમાનના રીપેરીંગ માટે એમઆરઓ સેન્ટર, નવું પોર્ટ (ગ્રીનલેન્ડ પોર્ટ) અને ટાઉનશિપ જેવી સુવિધાઓ વિકસિત કરવામાં આવશે. સાથે જ રેલવે કનેક્ટિવિટી અને ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા બંને દેશો મળીને કામ કરશે.

# ઉત્તર ભારતમાં ભારે વરસાદ સાથે વાવાઝોડાની આગાહી

ન્યુ દિલ્હી,તા.૨૦

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૨ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન હરિયાણા, ઉત્તરાખંડ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પૂર્વી ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના ઘણા ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. આ સમયગાળા દરમિયાન ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ૨૨ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં ભારે વરસાદ અને હિમવર્ષાની પણ આગાહી છે. ૨૦ જાન્યુઆરીએ, વીજળી સાથે વરસાદ હિમાચલ પ્રદેશમાં લોકો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. ૨૨ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન પંજાબમાં છૂટાછવાયાથી વ્યાપક હળવોથી મધ્યમ વરસાદ થવાની આગાહી છે. વધુમાં, ૨૦, ૨૧ અને ૨૩ જાન્યુઆરીએ જમ્મુ-કાશ્મીર અને લદાખ માટે ભારે વરસાદ અને હિમવર્ષાની ચેતવણી જારી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે વાવાઝોડાની આગાહી છે.

# યુપીના સહારનપુર જિલ્લામાં એક જ પરિવારના પાંચ સભ્યોના મૃતદેહ મળી આવતા ખળભાળટ

લખનૌ,તા.૨૦

ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લામાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. એક જ પરિવારના પાંચ સભ્યો એક રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોક ફેલાવ્યો છે. અહેવાલો અનુસાર, મૃતકોમાં બે સગીરનો પણ સમાવેશ થાય છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી છે અને મામલાની તપાસ શરૂ કરી છે. પોલીસે ઘટનાસ્થળેથી ત્રણ પિસ્તોલ મળી આવી હોવાનું પણ જણાવ્યું છે. ઉત્તર પ્રદેશના સહારનપુરમાં એક રૂમમાં મૃત હાલતમાં મળી આવેલા પરિવારના પાંચ સભ્યોની ઓળખ મહેસૂલ અધિકારી (અમીન) અશોક (૪૦), તેની પત્ની અંજિતા (૩૭), માતા



વિદ્યાવતી (૭૦) અને બે પુત્રો, કાર્તિક (૧૬) અને દેવ (૧૩) તરીકે થઈ છે. ઘટનાની માહિતી મળતાં, પોલીસ અને ફોરેન્સિક ટીમો ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી.પોલીસના જણાવ્યા અનુસાર, અશોક અને તેની પત્નીના મૃતદેહ ફ્લોર પર મળી આવ્યા હતા, જ્યારે તેની માતા અને બે બાળકો પલંગ પર મળી આવ્યા હતા.

પ્રારંભિક તપાસમાં અશોકની છાતી અને બંને બાળકોના કપાળ પર ગોળીના ઘા હોવાનું બહાર આવ્યું છે.

# નવી રચાયેલી આઠ મહાનગરપાલિકાઓના નોન-ટીપી વિસ્તારમાં જમીન કપાત અંગે કરેલા નિર્ણય રદ

ગાંધીનગર,તા.૨૦

રાજ્ય સરકારને નવી રચાયેલી આઠ મહાનગરપાલિકાઓના નોન–ટીપી વિસ્તારમાં જમીન કપાત અંગે કરેલા નિર્ણયમાં માત્ર ૧૭ દિવસમાં જ યુ-ટર્ન લેવો પડ્યો છે. શહેરી વિકાસ વિભાગે ૧લી જાન્યુઆરીએ જાહેર કરેલો હુકમ હવે મૂળ અસરથી રદ કરી દેવામાં આવ્યો છે. આ ૧૭ દિવસ દરમિયાન જે પણ મંજૂરીઓ કે કાર્યવાહી થઈ હોય તેને પણ તાત્કાલિક રદ કરવાનો આદેશ થતાં સંબંધિત સત્તામંડળોમાં અફરાતફરી મચી ગઈ છે. રાજ્યમાં તાજેતરમાં અસ્તિત્વમાં આવેલી નવ મહાનગરપાલિકાઓ નવસારી, મોરબી, આણંદ, સુરેન્દ્રનગર, મહેસાણા, પોરબંદર, વાપી અને નડિયાદમાં શહેરી વિકાસ સત્તામંડળના નોન–ટીપી વિસ્તારોમાં ડેવલપમેન્ટ માટે જમીન કપાતના ધોરણો ૪૦ ટકાથી ઘટાડીને ૨૦થી ૩૦ ટકા કરવાની છૂટ આપવામાં આવી હતી. આ નિર્ણય બિલ્ડરો અને જમીન માલિકોને સીધો લાભ પહોંચાડતો હોવાનું માનવામાં આવતું હતું.

# જાળીયાના આરોગ્ય કેન્દ્રમાં ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા પૌષ્ટિક આહાર કીટનું વિતરણ

બાબાપુર, તા.૨૦

ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જાળીયા હેઠળના બાબાપુર, ગાવડકા, મોટા ભંડારીયા અને જાળીયા ગામની વાડીમાં રહેતા પરપ્રાંતીય શ્રમિક પરિવારના ૨૨ સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને ખજૂર, ગોળ અને સીંગ-દાળિયાનું પૌષ્ટિક આહાર તરીકે તેમજ ઠંડી સામેના રક્ષણ માટે ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સરકારની આરોગ્ય સેવાનો લાભ, બાળ ઉછેર, તેમજ વાડી વિસ્તારના રહેઠાણ દરમિયાન વન્યજીવો સાથે સહ જીવિતા જળવાઈ રહે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યમાં ઈમરાનભાઈ (સાગર મોટર્સ) તરફથી ગોળ, ફારૂકભાઈ (મુન્ના ટ્રેડર્સ) તરફથી ખજૂર, હીરાભાઈ પેંડાવાળા તરફથી સિંગ-દાળિયા તેમજ શિશુવિહાર સંસ્થા (ભાવનગર) તરફથી ધાબળા સંસ્થાને દાન પેટે મળેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ડો આર. કે. જાટના નેતૃત્વ નીચે તથા મેડિકલ ઓફિસર ડો. દિવ્યાબેન ચુડાસમા તથા ડો. હેતલબેન ગળથીયા તથા સુપરવાઈઝર કે.એમ. પંચોલી પી. આર. જાલા, જતિનભાઈ લશ્કરી, મોન્ટુભાઈ તથા સ્ટાફ અને આશા બહેનોએ જહેમત ઉઠાવી હતી.


તસવીર :હસમુખ રાવલ

# બગદાણાના ભોગ બનનાર સેવકની 'સીટ' દ્વારા પુછપરછ, મુખ્ય આરોપી જયરાજ વિરૂધ્ધ પુરાવા આપ્યા

ભાવનગર,તા.૨૦



બગદાણાના સેવક નવનીત બાલધિયા પર હુમલાની ઘટનામાં ફરિયાદીને તેડું આવ્યું હતું. એસઆઈટી દ્વારા નવનીત બાલધીયાને વિશિષ્ટ નિવેદન લેવા માટે રેન્જ આઈજી ઓફિસે બોલવવામાં આવ્યા હતા, નવનીત બાલધિયાએ એસઆઈટીને ૧૫ પુરાવા સુપરત કર્યા હોવાનું જણાવ્યું હતું. ૧૭ જાન્યુઆરીએ એસઆઈટીએ પીઆઈ ડી. વી. ડાંગર અને પીઆઈ કે.એસ. પટેલને પુછપરછ માટે આઈજી ઓફિસ બોલાવ્યા હતા અને ૯ કલાક પૂછપરછ ચાલી હતી. જ્યારે એસઆઈટી દ્વારા પૂછપરછ બાદ નવનીત બાલધિયાએ મીડિયા સમક્ષ નિવેદન આપતાં જણાવ્યું હતુ કે, માર મારવાનુ ષડયંત્ર રચનાર મુખ્ય આરોપી જયરાજ આહિર વિરુદ્ધ મે ૧૫ પુરાવા એસઆઈટીને રજુ કર્યા છે, મે આપેલા પુરાવા મુજબ જો એસઆઈટી આ દિશામાં તપાસ કરશે તો મને ન્યાય ચોક્કસ મળશે. મને એસઆઈટી દ્વારા કરવામાં આવી રહેલી તપાસ પર વિશ્વાસ છે. હવે આ કેસમાં પીડિતના જણાવ્યા મુજબ મુખ્ય આરોપીનું નામ દાખલ થશે કે કેમ એ જોવું રહ્યું.

# ચાંદી પ્રતિ કિલો રૂ. ૩.૨૮ લાખ, સોનુ ૧૦ ગ્રામ રૂ. ૧.૫૦ લાખે પહોંચ્યુ

મુંબઈ,તા.૨૦

ભારતીય વાયદા બજાર(MCX)માં મંગળવારે, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સોના અને ચાંદીના ભાવે તમામ રેકોર્ડ તોડીને એક નવો ઈતિહાસ રચ્યો છે. સોનાના ભાવે પ્રથમ વખત પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૧,૫૦,૦૦૦ની સપાટી વટાવી છે, જ્યારે ચાંદી પણ રૂ.૩,૨૮,૦૦૦ની નજીક પહોંચી ગઈ છે. આ ઐતિહાસિક તેજી પાછળ વૈશ્વિક કોમોડિટી બજારોમાં મજબૂત સંકેતો, અને રોકાણકારોની ભારે ખરીદી મુખ્ય કારણભૂત છે. દિવસ દરમિયાન સોનાએ રૂ.૧,૫૨,૫૦૦ની સર્વોચ્ચ સપાટીને સ્પર્શ કર્યો હતો, જે તેનો અત્યાર સુધીનો સર્વોચ્ચ ભાવ છે. સોનામાં ગઈકાલના બંધ ભાવની સરખામણીમાં આજે કુલ રૂ.૬૩૬૧નો જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. જોકે હાલમાં સોનું રૂ.૧,૪૮,૦૦૦ આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે.સોનાની સાથે સાથે ચાંદીમાં પણ આજે રેકોર્ડબ્રેક તેજી જોવા મળી. MCX પર ૫ માર્ચ, ૨૦૨૬ના વાયદામાં ચાંદીના ભાવમાં તોફાની ઉછાળો નોંધાયો છે. આજે બજાર ખૂલતા સમયે ચાંદી રૂ.૩,૦૬,૪૯૯ પર ખૂલી હતી. નવી ઐતિહાસિક સપાટી ખૂલ્યા બાદ બજારમાં આવેલી જોરદાર તેજીને કારણે ચાંદીએ રૂ.૩,૨૭,૯૯૮ની ઓલ-ટાઈમ હાઈ સપાટી બનાવી હતી. હાલમાં ચાંદી ગઈકાલના બંધ ભાવની સરખામણીમાં આજે રૂ.૧૭૭૨૩નો જંગી ઉછાળો દર્શાવે છે. જોકે હાલમાં તે રૂ.૩,૧૬,૩૫૧ પર કારોબાર કરી રહી છે.





## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, **(એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૧૦૧ ની ખેતીના માલીકો-(૧) સાવલીયા કિશોરભાઈ ગોરધનભાઈ (૨) સાવલીયા ચંદુભાઈ ગોરધનભાઈ (૩) સાવલીયા રમેશભાઈ ગોરધનભાઈ ના સંયુક્ત નામે મોજે-સનાળીયા, સ.નં-૧૪ પૈકી ૩, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૨-૧૦-૪૩, આકાર-૯.૬૬ તથા સ.નં-૧૫ પૈકી ૩, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૦-૬૦-૭૧, આકાર-૨.૬૩ તથા સ.નં-૭ પૈકી ૬, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૨-૦૫-૩૮, આકાર-૧૦.૧૧ વાળી ખેતીની જમીનો....

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ માં (૧) અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.લીલીયા મોટા શાખાના રૂા. ૩૩,૫૦,૦૦૦/- ના તારણમાં બોજો (૨) શ્રી સનાળીયા સેવા સહકારી મંડળી લી. ના અંકે રૂા. ૨૩,૨૦,૦૦૦/- ના તારણમાં બોજો (૩) શ્રી સનાળીયા સેવા સહકારી મંડળી લી. ના અંકે રૂા.૨૦,૮૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૮ (આઠ) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૮ (આઠ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

સ્થળ :- લીલીયા
તારીખ :- ૨૦/૧/૨૦૨૬

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, **(એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૯૨ ની ખેતીના માલીકો-(૧) સાવલીયા મધુભાઈ કરશનભાઈ (૨) હિંમતભાઈ મધુભાઈ સાવલીયા (૩) મનસુખભાઈ મધુભાઈ સાવલીયા (૪) પ્રવિણભાઈ મધુભાઈ સાવલીયા (૫) ભરતભાઈ મધુભાઈ સાવલીયા ના સંયુક્ત નામે મોજે-સનાળીયા, સ.નં-૧૪ પૈકી ૧, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૦૧-૧૭, આકાર-૪.૮૩ તથા સ.નં-૧૫ પૈકી ૪, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૦-૩૦-૩૬, આકાર-૧.૩૧ તથા સ.નં-૭ પૈકી ૭, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૦૨-૧૮, આકાર- ૫.૦૫ વાળી ખેતીની જમીનો....

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૮ (આઠ) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૮ (આઠ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી......

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

સ્થળ :- લીલીયા
તારીખ :- ૨૦/૧/૨૦૨૬

## મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
## -: રૂબરૂ સુનાવણી નોટીસ :-

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૨૫/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. કાતરીયા મુકેશભાઈ સામતભાઈ
રે. નાની વડાળ તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા........ ૧. તકમશ્રી નાની વડાળ તા.સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી કાતરીયા ધુનાબેન સામતભાઈનું મરણ તા.૦૭/૦૫/૨૦૦૬ ના રોજ મુ.નાની વડાળ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા. ૧૭/૦૨/૨૦૦૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, **(એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૯૨ ની ખેતીના માલીકો-(૧) સાવલીયા જયસુખભાઈ વલ્લભભાઈ (૨) સાવલીયા જવેરભાઈ વલ્લભભાઈ ના સંયુકત નામે મોજે–સનાળીયા, સ.નં-૧૪ પૈકી ૨, ક્ષેત્ર.હે.આરે. ચોમી. ૧-૦૧-૧૭, આકાર-૪.૮૩ તથા સ.નં-૧૫ પૈકી ૧, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૦-૩૦-૩૬, આકાર-૧.૩૧ તથા સ.નં-૭ પૈકી ૮, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૦૨-૧૮, આકાર-૫.૦૫ વાળી ખેતીની જમીનો....

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ માં શ્રી સનાળીયા સેવા સહકારી મંડળી લી. ના અંકે રૂા. ૧૨,૭૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલિક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૮ (આઠ) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૮ (આઠ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી.....

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

સ્થળ :- લીલીયા
તારીખ :- ૨૦/૧/૨૦૨૬

# હવામાનમાં પલટો : સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી



અમદાવાદ,તા.૨૦

ઉત્તર ભારતમાં હવામાન ફરી એકવાર પલટો લેવાની તૈયારીમાં છે, જેના કારણે આગામી દિવસોમાં રાજ્યમાં હવામાનમાં પલટો આવશે. ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં કમોસમી વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૨૦ જાન્યુઆરી સુધી ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં કડકડતી ઠંડી અને ગાઢ ધુમ્મસ યથાવત્ રહેશે. ત્યારબાદ પશ્ચિમી વિક્ષેપ એટલે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની શક્યતા છે. હવામાન વિભાગે માહિતી આપી છે કે, આગામી એક અઠવાડિયામાં ત્રણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની સંભાવના છે, જેના કારણે પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. આ અસર હેઠળ જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાતના હવામાન પર પણ પડી શકે છે. જોકે, હવામાન વિભાગની સત્તાવાર આગાહી મુજબ રાજ્યમાં હવામાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા હાલ દેખાતી નથી. રાજ્યના વિવિધ વિસ્તારોના લઘુત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો-ઘટાડો નોંધાયો છે. આજે નલિયા ૧૦.૮ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું છે. જ્યારે પોરબંદર, રાજકોટ અને અમરેલીમાં પણ વધુ ઠંડી નોંધાઈ છે. હાલમાં રાજ્યમાં ઠંડી યથાવત્ છે અને આગામી દિવસોમાં કમોસમી વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. જો વાદળછાયું વાતાવરણ થશે તો રાજ્યમાં ઠંડીનું જોર વધશે.

**અમરેલી સહિત વિવિધ શહેરોમાં કડકડતી ઠંડીથી લોકો ધ્રુજી ઉઠ્યા**

# રૂા.૫.૮૫ કરોડના કોબ્રાના ઝેર સાથે સાત આરોપીઓને ઝડપી પાડતી સુરત પોલીસ

સુરત,તા.૨૦

સુરત એસ.ઓ.જી. પોલીસને એક મોટી સફળતા મળી છે, જેમાં ગુજરાતમાં સૌપ્રથમ વખત ૫.૮૫ કરોડની કિંમતનું કોબ્રા સાપનું ઝેર ઝડપી પાડવામાં આવ્યું છે. આ ઓપરેશનમાં લસકાણા પોલીસે સાત આરોપીની ધરપકડ કરી છે, જેઓ કરોડો રૂપિયાની કિંમતનું આ ઝેર વેચવાની પેરવીમાં હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી અંદાજે ૬.૫ ml કોબ્રા વેનોમ જપ્ત કરવામાં આવ્યું છે, જેની બજાર કિંમત આશરે ૫,૮૫,૦૦,૦૦૦ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ઝેર અમદાવાદના એક સોની પાસેથી લાવવામાં આવ્યું હતું અને આરોપીઓ એને સુરતમાં વેચવાની પેરવીમાં હતા. નોંધનીય છે કે સાપના ઝેરનો ઉપયોગ બ્લડપ્રેશરની દવાઓ બનાવવા માટે થતો હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી રેવ પાર્ટીઓમાં નશો કરવા માટે પણ તેનો ગેરકાયદે ઉપયોગ વધ્યો છે, જેને પગલે પોલીસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.




# સુરતના વરાછા વિસ્તારના યુવકે તાપી નદી પર મોતની છલાંગ લગાવી

સુરત,તા.૨૦

સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલા સવજી કોરાટ બ્રિજ પરથી એક યુવકે તાપી નદીમાં પડતું મૂક્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ફાયર વિભાગે બોટ લઈને તાપી નદીમાં સઘન શોધખોળ કરતાં યુવકનો મૃતદેહ મળ્યો છે. ઉલ્લેખનીય છે કે સુરત ફાયર વિભાગને પહેલા કપલ તાપી નદીમાં કૂદ્યું હોવાનો કોલ મળ્યો હતો. જ્યારે બ્રિજ પર પણ એક જ વ્યક્તિના ચપ્પલ હોવાથી અને તાપી નદીમાંથી એક યુવકનો જ મૃતદેહ મળવાથી એક જ યુવકે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. હાલ યુવકના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતક યુવકની ઓળખ ૩૯ વર્ષીય ગિરીશ ગણપત પરમાર (રહે. દરબાર ફળિયું, મોટા વરાછા) તરીકે થઈ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મૃતક યુવક આજે સવારે ૭ વાગ્યે ઘરેથી નીકળી ગયો હતો અને ત્યાર બાદ તાપી નદીમાં છલાંગ મારી આપઘાત કરી લીધો હતો.

# પડધરીના ખોખરી ગામે કુવામાંથી પિતા-પુત્રના મૃતદેહ મળી આવ્યા

રાજકોટ,તા.૨૦



પડધરી તાલુકાના ખોખરી ગામે કુવામાંથી પિતા-પુત્રની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવતા પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસમાં ગત ૧૬ તારીખના રોજ ખેતમજૂરી કરતા પરપ્રાંતીય શખ્સને દારૂ પીધા બાદ પત્ની સાથે બોલાચાલી થઈ હતી. બાદમાં પિતા-પુત્ર ગુમ થયાની જાણ પોલીસને કરવામાં આવી હતી. દરમિયાન ગઈકાલે મોડી રાત્રે કુવામાંથી બન્નેના મૃતદેહ મળી આવતા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બાળક વોંકળામાં નાહવા પડ્યો હતો જેને બચાવવા જતા બન્ને ડૂબી જવાથી મોત નીપજ્યાનું સામે આવ્યું છે, પરંતુ આ બનાવમાં પિતા-પુત્રએ સાથે વોંકળામાં ઝંપલાવ્યું હતું કે અન્ય કોઈ કારણ છે તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે ફોરેન્સિક રિપોર્ટ બાદ ચોક્કસ કારણ સામે આવતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ગુજરાત જાહેર સેવા દ્વારા જીપીએસસીની પરિક્ષાની તારીખો જાહેર કરવામાં આવી

ગાંધીનગર,તા.૨૦



ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં યોજાનારી વિવિધ ભરતી પ્રક્રિયાઓની પ્રાથમિક તેમજ મુખ્ય પરીક્ષાઓ માટે કોલલેટર (હોલ ટિકિટ) ડાઉનલોડ કરવાની તારીખ અંગે મહત્વપૂર્ણ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. આયોગ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ સંબંધિત પરીક્ષાઓના કોલલેટર પરીક્ષા પૂર્વે નક્કી કરેલી તારીખે માત્ર ઓનલાઈન માધ્યમથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉમેદવારોને GPSCની અધિકૃત વેબસાઈટ પરથી પોતાનો કન્ફર્મેશન નંબર તથા જન્મતારીખ દાખલ કરીને કોલલેટર ડાઉનલોડ કરવા સૂચના આપવામાં આવી છે.

# હવે ૩૦ જાન્યુ.સુધી મતદાર યાદી સુધારણા થઈ શકશે, ચૂંટણીપંચે તારીખ લંબાવી

ગાંધીનગર,તા.૨૦



૧ જાન્યુઆરી ૨૦૨૬ની લાયકાતની તારીખના આધારે ગુજરાતમાં હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન – SIR) પ્રક્રિયા અંતર્ગત ભારતના ચૂંટણી પંચે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ચૂંટણી પંચે મતદાર યાદી સંબંધિત દાવા અને વાંધાઓ રજૂ કરવાની સમયમર્યાદા વધારીને હવે ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરી છે.ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર રાજ્યભરમાં ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી SIR ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ ઝુંબેશના ગણતરી તબક્કાની અસરકારક કામગીરી પૂર્ણ થયા બાદ ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ મુસદ્દા યાદી સામે દાવા અને વાંધાઓ રજૂ કરવા માટે અગાઉ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ને આખરી તારીખ તરીકે નક્કી કરવામાં આવી હતી.

# બીટકોઈન હેરાફેરી કેસમાં ઈડીએ બે આરોપીઓની અટકાયત કરી

અમદાવાદ,તા.૨૦



બહુચર્ચિત અપહરણ અને બિટકોઈન હેરાફેરી કેસમાં EDએ વધુ બે આરોપીઓની અટકાયત કરી છે. આ કેસમાં મુખ્ય આરોપી શૈલેષ ભટ્ટના ભત્રીજા નિકુંજ ભટ્ટ અને પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાના સંબંધી સંજય કોટડિયાની અટકાયત કરવામાં આવી છે. આ બંને પર કરોડોના ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શનમાં સંડોવણી હોવાનો ગંભીર આરોપ છે.EDની તપાસ અનુસાર, આ આખું કૌભાંડ અંદાજે ૨૪૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતના બિટકોઈન અને અન્ય ક્રિપ્ટો કરન્સીની ગેરકાયદે હેરાફેરી સાથે જોડાયેલું છે. આ બંને આરોપીઓ પર કરોડોના ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શનમાં સીધી સંડોવણી હોવાનો અને નાણાકીય હેરાફેરીમાં મદદગારી કરવાનો ગંભીર આરોપ છે.બંને આરોપીઓને EDની વિશેષ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.









# સર્વે : ગુજરાત વિધાનસભામાં ‘આપ’ વિપક્ષી પાર્ટી બની તેવી સંભાવના

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને હજુ બે વર્ષની વાર છે, પરંતુ રાજકીય પારો અત્યારથી જ ચરમસીમાએ પહોંચ્યો છે. દિલ્હીમાં સત્તા ગુમાવ્યા બાદ અરવિંદ કેજરીવાલ માટે ગુજરાતમાંથી રાહતના સમાચાર સામે આવ્યા છે. તાજેતરના એક સર્વે અનુસાર, ગુજરાતમાં ભાજપનું વર્ચસ્વ અકબંધ છે, પરંતુ ‘આમ આદમી પાર્ટી’ (AAP) કોંગ્રેસને ત્રીજા ક્રમે ધકેલીને રાજ્યની મુખ્ય વિપક્ષી પાર્ટી તરીકે ઉભરી શકે છે. સર્વે એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્વેમાં ૪૦,૦૦૦થી વધુ લોકોનો સમાવેશ થયો હતો. આ સર્વે મુજબ ભાજપને હજુ પણ રાજ્યમાં અન્ય કોઈ રાજકીય પક્ષ તરફથી કોઈ સ્પર્ધાનો સામનો કરવો પડતો નથી. ભાજપ એકલા ૪૯.૫ ટકા મત હિસ્સા પર કબજો કરી શક્યો હતો. ભાજપે ગત વિધાનસભા ચૂંટણીમાં રેકોર્ડ બહુમતી સાથે સરકાર પણ બનાવી હતી.





